CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૪૨
તા.૧૯-૦૩-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ ચૈત્રસુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૂર્યોદય : ૦૬:૪૭ સૂર્યાસ્ત : ૦૬:૪૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૨ | વડોદરા | ૩૬.૭ |
| અમદાવાદ | ૩૬.૮ | સુરત | ૩૭.૧ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૨.૬ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

# એનડીએ સરકાર સામે આજે અવિશ્વાસ દરખાસ્ત રજુ થશે

## વાયએસઆર કોંગ્રેસની દરખાસ્તને કોંગ્રેસ સહિત વિપક્ષનો ટેકો : મોદી સરકારની સામે દેશભરમાં માહોલ સર્જવા વિપક્ષની આક્રમક તૈયારી પૂર્ણ બહુમતિ હોવાથી સરકારની સામે કોઇ સંકટ નથી પરંતુ પ્રતિષ્ઠાને અસર

નવીદિલ્હી

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે આવતીકાલે વાયએસઆર કોંગ્રેસ પાર્ટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવનાર છે. વાયએસઆરના સાંસદ વાઈબી સુબ્બા રેડ્ડી કેન્દ્ર સરકારન સામે લોકસભામાં અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરનાર છે. આ મામલે રેડ્ડીએ લોકસભાના મહાસચિવને નોટીસ આપીને આ મુદ્દાને સોમવારના દિવસે કાર્યવાહીમાં હાથ ધરવા માટે કહ્યુ હતુ. સાથે સાથે આ મુદ્દા પર વિપક્ષી દળોના નેતાઓ સાથે વાતચીત કરી હતી. મોટા ભાગના વિરોધ પક્ષો અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપી રહ્યા હોવા છતાં સરકારની સામે કોઇ ખતરો નથી. અવિશ્વાસ દરખાસ્ત મારફતે મોદી સરકારની સામે માહોલ બનાવવાના વિપક્ષ દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ દરખાસ્તને હવે મંજુરી મળી શકે છે. કારણ કે, મોટાભાગના વિરોધ પક્ષોએ આને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. વાયએસઆર કોંગ્રેસ તરફથી રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવને મોટાભાગના વિરોધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે. કોંગ્રેસ, અન્નાદ્રમુક, ટીએમસી, એનસીપી અને સીપીએમ જેવા મોટા પક્ષોએ અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. અલબત્ત વર્તમાન સ્થિતિમાં ભાજપ એકલા દમ પર બહુમતિ પુરવાર કરવાની સ્થિતિમાં તેની સામે કોઇ સંકટ નથી પરંતુ વિરોધ પક્ષોને મોદી સરકાર ઉપર પ્રહાર કરવાની તક મળશે. રાજ્યસભામાં પીયુષ ગોયેલે કહ્યું હતું કે, કોઈપણ સરકાર વર્તમાનની મોદી સરકારથી આંધ્રપ્રદેશના લોકોની જરૂરિયાતો અને માંગોને લઈને વધારે સંવેદનશીલ હોઈ શકે નહીં. સરકાર ખુબ જ ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. આંધ્રપ્રદેશ તમામ મદદ કરવામાં આવી રહી છે.

આમ આદમી પાર્ટીએ પણ મોદી સરકાર સામે અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપવાની જાહેરાત કરી છે. ટીડીપી અને વાઈએસઆર કોંગ્રેસની દરખાસ્તને શિવસેના પણ ટેકો આપી શકે છે. ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ પક્ષોએ તેમના નિર્ણયની જાહેરાત કરી હતી.

## વિચાર વૈભવ...

નેતા હોય- પ્રધાનો હોય કે સરકારી બાબુ, જેમની રગમાં ખાયકીનું લોહી ફરે છે એ ગમે ત્યાંથી ગમે તેમ ખાયકી કરવાના જ. લોકપાલ આવે કે તેના પિતાશ્રી, કોઈ એવા પર અંકુશ નહીં મૂકી શકે. કાયદા પહેલાં કાંઠલા તૈયાર જ હોય છે. માતૃત્વના સાત્વિક સંસ્કાર જ માણસને સુધારી શકે...

સ્વામી સચ્ચિદાનંદના આશ્રમના દરવાજે એક નળ મુકાવી ગ્રામજનો અને આવતા- જતા માટે પરબની સેવા ઊભી કરી હતી.

એકવાર વહેલી સવારે સ્વામી ફરવા જતા હતા. ત્યારે એક દૂધવાળો પોતાનો દૂધ ભર્યાં કેનમાં નળમાંથી પાણી ભરી દૂધને 'માઈલ્ડ' કરતો હતો. સ્વામીજીએ નજીક જઈ આ પ્રક્રિયા જોઈ. એમને દુઃખ થયું- કહ્યું, 'અલ્યા! આવા કામ માટે અહીં નળ મુકાવ્યો છે? તું આ બરાબર નથી કરતો. આવું કરશો તો નળ હું બંધ કરાવી દઈશ!'

દૂધવાળો રાજકારણી જેવો ચાલાક હતો. એણે કહ્યું, 'બાપજી! આશ્રમનું પાણી પવિત્ર કહેવાય અને ઘણાંને મોઢે પ્રસાદી રૂપે જાય એટલે હું અહીં પાણી દૂધમાં નાખું છું. બાકી પાણી તો અમારે ઘેર પણ હોય! આ બાજુની તળાવડી નથી?!'

સ્વામીજીએ વિચાર્યું આ કંઈ સુધરવાનો નથી, ગંદી તળાવડીનું પાણી લોકો સુધી જાય એના કરતાં...

- સુરેશ પ્રા.ભટ્ટ

# મોદી સરકારના પરિણામે આર્થિક સ્થિતિ કફોડી થઈ : મનમોહનસિંહ

### કોંગ્રેસના અધિવેશનમાં મનમોહનસિંહના પણ આકરા પ્રહારો

નવીદિલ્હી

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે કેન્દ્રની મોદી સરકાર ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, દેશની ઈકોનોમીને દેશની વર્તમાન સરકારે બરબાદ કરી દીધી છે. કોંગ્રેસના ૮૪માં મહાઅધિવેશનને સંબોધતા મનમોહનસિંહે કહ્યું હતું કે, કાશ્મીરની સ્થિતિ દિન પ્રતિદિન બગડી રહી છે. એટલું જ નહીં સરહદ પર આતંકવાદની સામે હળવું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. આતંકવાદીઓ પરિસ્થિતિનો લાભ લઈ રહ્યા છે. આંતરિક આતંકવાદમાં પણ વધારો થયો છે. આ બાબત તમામ નાગરિકો માટે ચિંતાજનક છે. મોદી સરકાર આ તમામ સમસ્યાઓનો ઉકેલ શોધવામાં નિષ્ફળ રહી છે. જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત પક્ષો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર ભારતનો અખંડ હિસ્સો છે. તેમણે ઉમેર્યું હતું કે, અમને ત્યાંની સમસ્યાને સમજવાની જરૂર છે. તેમને ગંભીરતા સાથે હાથ ધરવાની જરૂર છે. વિદેશ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહાર કરતા મનમોહનસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ચીન અને નેપાળની સાથે સમસ્યા હોઈ શકે છે પરંતુ વાતચીત મારફતે જ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. પાકિસ્તાનની વાત કરવામાં આવે તો અમને માનવું પડશે કે તે પડોશી દેશ તરીકે છે. આની સાથે સાથે તેને એ બાબત પણ સમજાવવી પડશે કે આતંકવાદનો રસ્તો તેના માટે યોગ્ય રસ્તો નથી. રોજગારના મુદ્દા ઉપર કેન્દ્ર સરકારને ભીંસમાં લેવાના પ્રયાસમાં તેમણે કહ્યું હતું કે, જ્યારે મોદી ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા ત્યારે જે વચનો આપી રહ્યા હતા તે હજુ પુરા થયા નથી.

# ડીસા માર્કેટયાર્ડની ચૂંટણીના આજે ઉમેદવારી ફોર્મ ભરાશે

### જિલ્લાભરમાં રાજકીય ગરમાવો છવાયો



ભરત સુંદેશા

ડીસા

ઉત્તર ગુજરાતમાં ઉંઝા બાદ બીજા નંબરનું ગૌરવવંતુ સ્થાન ધરાવતા ડીસા માર્કેટયાર્ડના સંચાલક મંડળની યોજાનાર ચૂંટણીના આજે સોમવારે ફોર્મ ભરાનાર છે. જેને લઈ જિલ્લાભરમાં ગરમાવો છવાયો છે.

ડીસા માર્કેટયાર્ડના ખેડૂત વિભાગની ૮, વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ વિભાગની ૨ મળી ૧૪ બેઠકોની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ ગયું છે જેથી સરકારી અને રાજકીય આગેવાનોની દોડધામ વધી ગઈ છે. જાહેરનામા મુજબ આજે સોમવારે માર્કેટયાર્ડ કચેરીના સભાખંડમાં ફોર્મ ભરાનાર છે. જેને લઈ ઉત્તેજના છવાઈ છે. જોકે માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ અને તેમની ટીમ ઉમદા કામગીરી કરી રહી છે પરંતુ આ વખતે પુર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ પણ પોતાની પેનલ ચૂંટણીમાં ઉતારે તેવી શકયતા નકારી શકાતી નથી. બીજી બાજુ સહકારી આગેવાનો દ્વારા ચૂંટણી બીનહરીફ કરવાના પ્રયાસો શરૂ કરી દેવાયા છે . આજે ફોર્મ ભરાયા બાદ તા.૨૩-૩-૧૮ ના રોજ ફોર્મ પરત ખેંચવાની તારીખ છે. ત્યારબાદ જરૂર પડયે તા.૩૦-૩-૨૦૧૮ ના રોજ મતદાન અને તા.૩૧-૩-૧૮ ના રોજ મત ગણતરી થશે.

### થરાદ પંથકમાં વરસાદી માહોલથી ફફડાટ:નાના મોટાં છાંટા પડ્યાં



થરાદ

બનાસકાંઠાના સરહદી થરાદ તાલુકાના વાતાવરણમાં રવિવારની સવારથી અચાનક પલટો આવતાં દિવસ ભર રહેલા વાદળછાયા વરસાદી માહોલ વચ્ચે કયાંક છૂટા-છવાયા છાંટા પડતા ખેડૂતોમાં નિરાશા મોજુ ફરી વળ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આવા માહોલ વચ્ચે માવઠાથી ખેડૂતોના ખેતરમાં ઉભેલા ઈસબગુલ તથા

અનુસંધાન પાના નં.૬

### પાકિસ્તાનના ગોળીબારમાં પાંચ લોકોના મોત

# સરહદ ઉપર યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબાર કરાયો

### નાગરિક વિસ્તારમાં કરાયેલા ગોળીબારથી લોકોમાં ભારે દહેશત : ફેબ્રુઆરી સુધી ૪૩૨ વખત યુદ્ધવિરામનો ભંગ

શ્રીનગર

પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. આજે કાશ્મીરના પૂંચવિસ્તારમાં બાલાકોટ વિસ્તારમાં પાકિસ્તા ન તરફથી યુદ્ધવિરા મનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા હતા આને અન્ય બે લોકો ઘાયલ થયા હતા. નાગરિક વિસ્તારને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી કરાયેલા ગોળીબારમાં મૃત્યુ પામેલા પાંચ લોકો પૈકી ચાર લોકો એક જ પરિવારના હોવાનું પણ જાણવા મળ્યું છે.



સુરક્ષા દળોએ પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબાર બાદ આમાં માર્યા ગયેલા લોકોના સંદર્ભમાં માહિતી આપી હતી. ઘાયલ થયેલા અન્ય બે લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં પાકિસ્તાન તરફથી ૪૩૨ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતથી જ પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગની અનેક ઘટનાઓ બની ચુકી છે.

# રાજયના પવિત્ર ધામોની પ્રતિષ્ઠા-વિરાસત જવલંત બને તે માટે રાજય સરકાર કટીબધ્ધ : રૂપાણી

પાટણ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે ગાંધી, સરદાર, કવિ નર્મદ, નરસિંહ મહેતા અને હેમચંદ્રાચાર્યનું ગુજરાત વધુ પૂણ્યશાળી, સંસ્કારી અને સદાચારી બને તેવો અભિગમ રાજય સરકારે રાખ્યો છે. પ્રેમ, દયા, કરૂણાસભર ગુજરાતના પવિત્રધામોની પ્રતિષ્ઠા-વિરાસત વધુ જવલંત અને દૈદીપ્યમાન બને તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રએ ભગવાન મહાવીરે સત્ય-અહિંસા અને અપરિગ્રહના પ્રબોધેલા સિધ્ધાંતો અનુસરવાનો અનુરોધ કરતાં વધુમાં ઉમેર્યુ કે જયાં માનવી ત્યાં સુવિધા, વિવાદ નહી સંવાદ અને લઘુતમ સાધનોનો મહત્તમ ઉપયોગ કરીને






જનહિતના મહત્તમ કામો કરવાનો ધ્યેય રાજય સરકારે અપનાવ્યો છે અને આ કામોમાં પ્રજાને કેન્દ્ર સ્થાને રાખી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે રાજયમાં જૈન સાધુઓ અને પદયાત્રિઓ સલામત વિહાર કરી શકે તે માટે રૂ.૨૫૦ કરોડના રસ્તાના કામો હાથ ધરાયા છે. શંખેશ્વર-અમદાવાદ વચ્ચે પગદંડીનો વિચાર પણ આગામી દિવસોમાં મૂર્તિમંત કરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું. રાજયના યાત્રાધામોની પવિત્રતા અને મહત્વનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પાલીતણા, સોમનાથ, અંબાજી જેવા ધામોમાં ૨૪ કલાક સફાઇ હાથ ધરીને તેની પવિત્રતા જાળવી રાખવાનો ધ્યેય રાજય સરકારે રાખ્યો છે. પ્રજાકીય કામો માટે રાજય સરકાર તત્પર અને કટીબધ્ધ છે. હોસ્પીટલ, રસ્તા, કોલેજ વગેરે કામોની પૂર્તિમાં ગુજરાત સરકારે સંવેદનાપૂર્ણ અભિગમ રાખ્યો છે. ગુજરાત ગૌરવશાળી અને અડીખમ બને તે માટે એકમેક થઇ આગળ વધાવાનો તેમણે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે શ્રી વિજય પ્રેમસૂરીજી મહારાજનો ગુજરાત સહિત સમગ્ર દેશ પર ઉપકાર છે. તેઓ ઈશ્વરીય સંત હતા. તેમણે ચિંધેલા માર્ગે આગળ વધીએ તો જીવન સાર્થક બનશે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ભારતવર્ષના જૈન મહાતીર્થ શંખેશ્વરને પાવનકારી સંનિધિમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મધ્યે આચાર્ય શ્રી વિજયપ્રેમ સૂરીજી મહારાજ સાહેબની ગુરૂમૂર્તિની પાવન પ્રતિષ્ઠા અને નૂતન કોલેજના નામકરણ પ્રસંગે શ્રી પ્રેમ સૂરીશ્વર મહારાજ સાહેબને જિન શાસનના મહાન આર્ષદ્રષ્ટા તરીકે સંબોધ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના વરદહસ્તે નવિન કોલેજના નામકરણ તકતિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. અને ગ્રામમધ્યે બિરાજ માન શંખેશ્વર પાર્શ્વાનાથ નિજ જીનાલયમાં દર્શન કર્યા હતા. તેમની સાથે તેમના ધર્મ પત્ની શ્રીમતી અંજલીબહેન રૂપાણી સહઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પાવનનિશ્રામાં આચાર્યો, જૈન ભગવંતો અને વિશાળ ભકત

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

# લાખણીના અસાસણ ગામના સંચાલક સરકારી જથ્થો ચાઉં કરી જતાં ખળભળાટ

થરાદ

લખાણીના અસાસણ ગ્રામ પંચાયતના સરપંચે જિલ્લા કલેકટરને ગામની સસ્તા અનાજની દુકાનેથી સરકારી જથ્થો કાર્ડધારકોને નહી મળતો હોવાની રજુઆત કરી હતી.આથી જિલ્લા કલેકટરની ટેલિફોનિક સૂચનાનાથી દિયોદરના નાયબ કલેકટરની દેખરેખ હેઠળ લાખણીના મામલતદાર તથા જીલ્લાના પુરવઠા અને મુખ્ય પુરવઠા નિરીક્ષક અને નાયબ મામલતદાર પુરવઠાની સંયુક્ત ટીમ દ્વારા ૧૪ માર્ચના સાંજના સુમારે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી

જેમાં સંચાલકે ૧૩મી માર્ચે જીજે૯વી ૫૫૩૭ નંબરની ટ્રકમાં માર્ચ મહિનાના ઘઉંના ૧૫૧ કટ્ટાં (૫૦કિગ્રા) ચોખા ૬૫ કટ્ટાં(૫૦કિગ્રા) તથા ૫૯૦ લીટર જથ્થાનો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ થરાદના ગોડાઉનથી ઉપાડ કર્યો હતો.જેમાં બીજા દિવસે માત્ર ૪૦ કટ્ટાં ઘઉં તથા ૧૦ કટ્ટાં ચોખાનો સ્ટોક અને કેરોસીનનો સ્ટોક તો નીલ જોવા મળ્યો હતો. બીજી બાજુ અધિકારી ઓને ૨૨ કાર્ડધારકોએ તેમને કોઈ પણ પ્રકારનો જથ્થો નહી મળ્યાનાં નિવેદન આપ્યાં હતાં.અને ૧૮૫ કાર્ડધારકોના કાર્ડની ક્રોસ ચકાસણી કરતાં તેમાં કોઈ પણ પ્રકારના જથ્થાની નોંધ ન હતી.

આમ માવજીભાઈ સી ચાવડાએ ૧૧૧ કટ્ટાં ઘઉં તથા ૫૫ કટ્ટાં ચોખા અને ૯૧૦ લીટર (ઉઘડતા જથ્થા ૩૨૦ લીટર સાથે) બારોબાર સગેવગે કરી દીધાનું બહાર આવ્યું હતું.જેની પુછપરછ કરતાં તે થરાદ ગોડાઉનથી જથ્થો તેમની દુકાને આવ્યો ત્યારે હાજર ન હોઈ મેળવણી કરી ન શક્યા અને દુકાનનું રેકર્ડ મહેતાજી હિસાબ લખવા લઈ ગયાના અસંતોષકારક જવાબ આપ્યા હતા. વળી સંચાલકે માત્ર માર્ચ મહિનાનો જ નહી પરંતુ ૨૦૧૪-૨૦૧૫-૨૦૧૬-૨૦૧૭ અને ૨૦૧૮નો જથ્થો પણ આવી જ રીતે ગામમાં લાવીને કે વેચાણ કરવાના બદલે બારોબાર વેચી માર્યો હોવાના પણ આક્ષેપ થવા પામ્યા હતા.અને તેઓ માથાભારે માણસ હોઈ આખુ ગામ ડરતું હોઈ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી માલ પરત લાવવાની માંગ ઉઠવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

CMYK

સૂર્યોદય - ૬.૪૭ સૂર્યાસ્ત - ૬.૪૯

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૨ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :બીજ સોમવાર (પંચક) નક્ષત્રઃ રેવતી રાત્રે ૮.૦૯ પછી અશ્વિની યોગ :બ્રહ્મ કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) રાત્રે ૮.૦૯ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### પરોક્ષે કાર્ય હન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ વર્જયેતાદશં મિત્રં વિષકુમ્ભં પયોમુખમ્

'અંદર વિષથી ભરેલ હોય અને ઉપરનો - બાહ્ય દેખાવ, ઉપર- ઉપરથી દૂધભર્યું હોય એવા ઘડાનો જેમ ત્યાગ કરવામાં આવે છે તેમ પ્રત્યક્ષ- રૂબરૂમાં પ્રિય વચન મીઠું- મધુરું બોલતાં હોય એવાં સંબંધી- મિત્રો પાછળથી તમારા કાર્યને નુકસાન પહોંચાડે તેવા લોકોનો ત્યાગ કરવો.' આજના જમાનામાં નિખાલસ માણસ મળવા અતિકઠિન છે. સ્વાર્થને કારણે દંભ- લુચ્ચાઈ- છેતરપિંડી અને બનાવટ તો હવે તદ્દન સ્વાભાવિક થઈ ગયાં છે, ઊલટાનું આ દુર્ગુણો માણસમાં ન હોય તો ભોટ- ભોળિયો- મૂર્ખમાં ગણતરી થાય છે.

આજે દંભને કારણે માનવ સ્વભાવ- ચારિત્ર્ય કે તેના હૃદયનો સાચો પરિચય થતો નથી. તુલસીદાસજીએ રામાયણમાં કહ્યું છે, જૂઠું બોલવું, જૂઠું વર્તન, જૂઠું વિચારવું આજના પ્રવીણ- હોશિયારનાં લક્ષણ થઈ ગયાં છે. આવા દંભી માણસો આપણી સમક્ષ હાજર હોય ત્યારે આપણું સારું બોલે અને ગેરહાજરીમાં 'વાટી' નાખે. એમને માટે પોતે અને પોતાના સ્વાર્થ સિવાય બીજું કોઈ જ સ્નેહી- સંબંધી નથી. આ શ્લોકમાં ઝેરથી ભરેલા ઘડા ઉપર માત્ર દેખાવ પૂરતું દૂધ હોય એવી સરખામણી કરી છે. આવાં સગાં- સંબંધી - મિત્રોથી દૂર રહેવું.

## કાશ્મીર માટે જરૂર પડી તો ફરી સીમા પાર કરીશું : રાજનાથ

નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે કાશ્મીર અમારૂ છે. અને અમારી પાસે કોઇ પણ તેને છીનવી શકે તેમ નથી. તેમણે સંકેત આપ્યો કે જો જરૂર પડી તો દેશની સુરક્ષા માટે ફરીથી સીમાને પાર કરવામાં કોઇ ખચકાટ અનુભવાશે નહીં. રાજનાથસિંહે એક ખાનગી ચેનલ સાથેની મુલાકાતમાં કહ્યું કે કોઇ પણ કાશ્મીરને આપણી પાસેથી લઇ શકે તેમ નથી. તેમણે કહ્યું કે જે લોકો જેહાદનો પ્રચાર કરી રહ્યાં હું તેમને કહેવા માંગુ છું કે પહેલા તે સ્વયં જેહાદની સચ્ચાઇને સમજે અને ત્યારબાદ કાશ્મીરના અમારા બાળકોને ઉશ્કેરવાનો પ્રચાર કરે. પાકિસ્તાનને ઈશારામાં ચેતવણી આપતા ગૃહમંત્રીએ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે તમે એ વિશ્વાસ કરો કે અમે સીમાને સુરક્ષિત રાખીશું. જરૂર પડી તો અમે અમારા દેશને બચાવવા માટે સીમાને પાર કરીશું. તેમણે કહ્યું કે જે ગતિથી આપણા દેશો વિકસિત થઇ રહ્યું છે તેનાથી મારૂ માનવું છે કે તે સમય ખુબ દુર નથી કે જયારે આપણે વિશ્વના પાંચ દેશોનની લાઇનમાં ઉભા રહીશું અને આપણે વિશ્વના સુપર પાવર બનીશું

## આજનો દિન મહાન - યશવંત કડીકર

વિખ્યાત નાટયસંસ્થા 'દેશી નાટક સમાજ'ના સ્થાપક શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીની જન્મજયંતિ છે.

એમનો જન્મ તા.૧૯-૩-૧૮૬૭ના રોજ અમદાવાદમાં થયો. શિક્ષણને એક વ્યવસાય તરીકે સ્વીકારનાર શ્રી ડાહ્યાભાઈ ઝવેરીએ નાટકો લખવા માંડયા. એ જમાનામાં નાટકો જોવાનો શોખ જનતામાં ખુબ હતો. શ્રી ડાહ્યાભાઈ ઝવેરી પોતે કવિ નાટયકાર હતા. તેમના નાટકોની ભાષા સરળ સચોટ અને બોધદાયક રહેતી, તેથી તે ખુબ લોકપ્રિય થઈ પડતા.

આ સફળ નાટયકાર શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીનું ઈ.સ.૧૯૦૨માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુક્શાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

- કનકચંદ્ર સી. વ્યાસ

## ધાનેરામાં સેવાભાવી સંસ્થાએ કરી લોકોને કપડા પહેરાવવાની પહેલ

### માનવતાની દિવાલ ઉપર જરુરતમંદોને કપડા મળશે

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં સેવાભાવી સંસ્થાઓ લોકો માટે અનેક સેવાના કાર્યો કરે છે ત્યારે એજ્યુફન ફાઉન્ડેશન દ્વારા જુના કપડા લોકોને કામ આવે તે માટે માનવતાની દિવાલ બનાવીને જરુરતમંદ લોકોને કપડા મળી રહે તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. સમાજ દેવા એજ પ્રભુ સેવા છે. તે કામ ધાનેરાની અનેક સેવાભાવી સંસ્થાઓ કરી રહ્યા છે. ધાનેરાની માનવ સેવા સંગઠન જે ગરીબ બાળકોને પુસ્તકો, કપડાઓ તેમજ જરુરીયાત હોય તેવા લોકોને રક્તદાન પણ કરે છે. તેની પ્રેરણા લેતા અન્ય એજ્યુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ નામની સંસ્થાએ એક નવિ સરુઆત કરી છે. ધાનેરા બસ સ્ટેન્ડ રોડ ઉપર માનવતાની દિવાલ ચિતરી છે અને જે લોકોને પોતાના જુના કપડાઓ ઘરે પડ્યા હોય તેવા લોકો આ દિવાલ ઉપર કપડા લટકાવી જાય અને ત્યારે જે જરુરીયાત વાળા લોકો છે તે આ કપડા લઈ જાય એવી દિવાલ




બનાવી છે. જેનુ ઉદ્ઘાટન વાલેર મઠના મહંતશ્રી શુખપુરીજી મહારાજ ના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ બળવંતભાઇ બારોટ, ના.મા. મોડસિહ રાજપુત, વિવેકાનંદ સ્કુલના આચાર્ય ગોવિંદભાઇ ચૌધરી, આશાબેન પટેલ, ઈન્દુબેન જોષી તેમજ અન્ય સમાજ સેવકોની હાજરી રહી હતી. પ્રથમ દિવસેજ મોટી સંખ્યામાં કપડાઓ આવ્યા હતા અને જરુરીયાત વાળા લોકો સાંજ સુધીમાં તમામ કપડાઓ લઇ પણ ગયા હતા. એજ્યુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ ના તમામ મિત્રોને પણ આવા સારાકામ માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

### ઓક્ટોબરમાં રમાનારી ટેસ્ટ મેચ રાજકોટમાં યોજાશે

ન્યુ દિલ્હી

બીસીસીઆઈની રોટેશન પોલિસી અંતર્ગત આ વર્ષ પણ રાજકોટને મેચ ફાળવવામાં આવી છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ ખાતે ટેસ્ટ મેચ રમાશે. ગયા વર્ષે ઓક્ટોબર માસમાં ભારત અને ઈગ્લેંડ વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ હતી. જો કે આ મેચ ડ્રો ગઈ હતી. આ વર્ષે પણ રાજકોટને ટેસ્ટ મેચ ફાળવવામાં આવી છે. આ વર્ષે ભારત અને વેસ્ટ ઈન્ડિસ સામસામે ટકરાશે.

## ધાનેરામાં ચેટીચાંદની શોભાયાત્રા યોજાઈ




ધાનેરામાં સીધી સમાજ દ્વારા ચેટીચાંદ નિમિતે ઝુલેલાલજી ની શોભાયાત્રા યોજાઇ હતી. જે સુદામાપુરી સોસાયટીના રાધેક્રિષ્ણા મંદિરથી સોભાયાત્રા નિકળી હતી જેમાં સીધી સમાજના મોરી સંખ્યામાં ભાઇ બહેનો જોડાયા હતા અને આયોલાલ ઝુલેલાલ ના નાદ સાથે સોભાયાત્રા વાજતે ગાજતે લિલાશાનગર સોસાયટી ખાતે આવેલ લિલાશા મહારાજના મંદિરે પહાંચી હતી ત્યાં લોકોએ ભોજન પ્રસાદ લીધાબાદ પરત નિજ સ્થળે પહાંચી હતી.

## મોરાલ અને લાખણી પ્રાથમિક શાળાને તાલુકાની શ્રેષ્ઠ સ્વચ્છ શાળાનો એવોર્ડ અપાયો

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકાની મોરાલ પ્રાથમિક શાળા તથા લાખણી પ્રાથમિક શાળાને લાખણી તાલુકાની શ્રેષ્ઠ સ્વચ્છ શાળા તથા જિલ્લાની પ્રથમ ૨૪ સ્વચ્છ શાળાઓમાં સ્થાન મળતાં જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે શિલ્ડ, પ્રમાણપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવતા સમગ્ર તાલુકામાં આનંદની લાગણી ફેલાવા પામી છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાઓમાં સ્વચ્છતા અને જાગૃતિ વધારવા માટે પ્રાથમિક શાળાઓમાં શાળા સ્વચ્છતા એવોર્ડ આપવામાં આવે છે. જેમાં શાળા દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી સ્વમૂલ્યાંકન કરવાનું હોય છે. ત્યારબાદ તાલુકા કક્ષાની ટીમ દ્વારા તેમજ જિલ્લા કક્ષાની ટીમ દ્વારા સ્વમૂલ્યાંકન કરવામાં આવે છે.ત્યાર બાદ સ્વચ્છ શાળા તરીકે પસંદ કરવામાં આવે છે. જે અંતર્ગત લાખણી તાલુકાની ૧૭૩ શાળાઓમાંથી મોરાલ પ્રાથમિક શાળા અને લાખણી પ્રાથમિક શાળાને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ) દ્વારા સ્વચ્છતા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જગાણા ખાતે જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લાની કુલ ૨૪ શાળાઓને શાળા સ્વચ્છતાના એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેમાં લાખણી તાલુકાની મોરલ પ્રાથમિક શાળાને તાલુકાની પ્રથમ તથા લાખણી પ્રાથમિક શાળા - ૧ ને તાલુકા ની દ્વિતીય સ્વચ્છ શાળા જાહેર કરવામાં આવી હતી. જે અંતર્ગત મોરલ પ્રા. શાળાના આચાર્ય ધર્મેશભાઈ પટેલ તથા લાખણી પ્રા. શાળાના આચાર્ય જોધસિંહ બી. વાઘેલાને રૂપિયા દસ દસ હજારના ચેક, શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડો.જી.એન.ચૌધરી , નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મુકેશભાઈ ચાવડા , દાંતીવાડા તાલુકા પ્રા. શિક્ષણાધિકારી ભરતભાઇ ચૌધરી, ડાયટના પ્રોફેસર ડો.જે.બી.જોષી, રમેશભાઇ ચૌધરી અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાંતડાઉ ની અનીતા ચૌધરી એ રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડીમાં ભાગ લઈ ઉતકૃષ્ટ પ્રર્દશન કર્યું

થરાદ

થરાદ તાલુકાની શ્રી વાંતડાઉ પ્રા.શાળા ની અનીતાબેન પાતાભાઈ ચૌધરી ને બાળપણથી રમતનો ખુબ શોખ હતો .શાળા કાક્ષાએ આ રમતવીરે એકલા હાથે શાળાની ટીમને કેટલીય વાર જીત અપાવેલી . કુદરત પાસેથી સ્ફુર્તિ અને ચપળતા ની ખાસ ભેટ મળેલ આ ખેલાડી ને શાળાના શિક્ષક ચૌધરી જોરાભાઇ અણદાજી નું માર્ગદર્શન મળતા આ ખેલાડીના રમતમાં ખાસ સુધારો થયેલ . અનિતાબેન ચૌધરી ના નેતૃત્વ હેઠળ ૨૦૧૫/૧૬ ના ખેલમહાકુંભમાં રાજયકક્ષાએ ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.આ વર્ષે આદર્શ નિવાસી શાળા પાલાનપુર ના શિક્ષક પટેલ પાંચાભાઇ પાંચાભાઇ હીરાભાઇ ના માર્ગદર્શન હેઠળ દિલ્લી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની કબ્બડીની રમતમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ પ્રર્દશન કર્યું હતું. જે બદલ ૨૬ મી જાન્યુઆરી૨૦૧૮ ની પ્રજાસ્તાક દિન ની ઉજવણી ના કાર્યક્રમાં જિલ્લા કલેકટર શ્રી દિલિપસિંહ રાણા હસ્તે બ.કાં જિલ્લા તેમજ થરાદ તાલુકાનું અને વાંતડાઉ ગામ નું નામ રોશન કરનાર અનીતા ચૌધરી નું સન્માન કરાયું હતું . શાળાને ગૌરવ અપાવનાર આ રમતવીર ને ખુબ ખુબ અભિંદન અનેવાંતડાઉ ની અનીતા ચૌધરી એ રાષ્ટ્રીય કક્ષાની કબડ્ડીમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ પ્રર્દશન કર્યું થરાદ તાલુકાની શ્રી વાંતડાઉ પ્રા.શાળા ની અનીતાબેન પાતાભાઈ ચૌધરી ને બાળપણથી રમતનો ખુબ શોખ હતો .શાળા કાક્ષાએ આ રમતવીરે એકલા હાથે શાળાની ટીમને કેટલીય વાર જીત અપાવેલી .




કુદરત પાસેથી સ્ફુર્તિ અને ચપળતા ની ખાસ ભેટ મળેલ આ ખેલાડી ને શાળાના શિક્ષક ચૌધરી જોરાભાઇ અણદાજી નું માર્ગદર્શન મળતા આ ખેલાડીના રમતમાં ખાસ સુધારો થયેલ . અનિતાબેન ચૌધરી ના નેતૃત્વ હેઠળ ૨૦૧૫/૧૬ ના ખેલમહાકુંભમાં રાજયકક્ષાએ ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.આ વર્ષે આદર્શ નિવાસી શાળા પાલાનપુર ના શિક્ષક પટેલ પાંચાભાઇ પાંચાભાઇ હીરાભાઇ ના માર્ગદર્શન હેઠળ દિલ્લી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની કબ્બડીની રમતમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ પ્રર્દશન કર્યું હતું .જે બદલ ૨૬ મી જાન્યુઆરી૨૦૧૮ ની પ્રજાસ્તાક દિન ની ઉજવણી ના કાર્યક્રમાં જિલ્લા કલેકટર શ્રી દિલિપસિંહ રાણા હસ્તે બ.કાં જિલ્લા તેમજ થરાદ તાલુકાનું અને વાંતડાઉ ગામ નું નામ રોશન કરનાર અનીતા ચૌધરી નું સન્માન કરાયું હતું . શાળાને ગૌરવ અપાવનાર આ રમતવીર ને ખુબ ખુબ અભિંદન અને ધન્યવાદ

## અંધકારમાં ઓજલ બનતી રોશની

અત્યંત સ્વરૂપવાન યુવતી રોશની આજે હોસ્પિટલના બિછાને પડી હતી. તેના જીવનમાં અંધકાર છવાઈ ગયો હતો.એક દુર્ઘટનાએ તેની જીંદગીને નર્કમાં ફેરવી નાખી હતી. શહેરના એક શ્રીમંત પરીવારની આધુનિક જમાનાની મોર્ડન યુવતી રોશનીને હવે તેની જીદનું કેવું ભયંકર પરિણામ તેણે ભોગવવું પડયું તેને સમજાઈ ગયું હતું. પપ્પા સમક્ષ જીદ કરીને ધરાર સ્પોર્ટસ કાર ખરીદ કરનારી રોશનીને એ ખબર નહોતી કે આ સ્પોર્ટસ કાર તેની જીંદગી સાથે ભયંકર રમત રમવા જઈ રહી છે.

પોતાના જન્મદિને પપ્પા તરફથી સ્પોર્ટસકારની ભેટ પ્રાપ્ત કરનાર રોશની આ કાર લઈને દરરોજ કોલેજ જતી. પોતાના બોયફ્રેન્ડો અને સહેલીઓ સાથે અનેકવાર આ કારમાં બેસીને રોશની લોંગ ડ્રાઈવ પર જવા નીકળી પડતી. અભ્યાસમાં પણ અત્યંત તેજસ્વી ગણાતી રોશની મેડીકલ અભ્યાસમાં આગળ વધી રહી હતી. માતા પિતા પુત્રીની આવી પ્રવૃત્તિ જોઈને ખુશ થતાં પરંતુ વધુ પડતી છુટ મળવાના કારણે થોડી સ્વચ્છંદી બની ગયેલી રોશની અનેક વખત પોતાનું ધાર્યું જ કરતી ને તેના કારણે માતા પિતાને સતત ચિંતા પણ રહેતી.

**મનદર્પણ**

રોશની મેડીકલ અભ્યાસક્રમ પુર્ણ કરી એ ત્યારબાદ તેને કોઈ ડોકટર સાથે પરણાવી દેવાની ઈચ્છા રાખતા માતા પિતાની આંખો અત્યારે અવિરત વરસી રહી છે. રોશનીના જીંદગીમાં અંધકાર વ્યાપી ચુકયો છે.

એક દિવસ પોતાના મિત્ર સાથે બહાર ફરવા ગયેલી રોશનીએ મિત્રોના કહેવાથી કાર રેસ યોજવાનો નિર્ણય કર્યો. સડસડાટ ગતિએ કાર દોડાવી રહેલી રોશની પ્રથમ નંબર પ્રાપ્ત કરી લેવાની ધુનમાં ધીમે ધીમે ઓવરસ્પીડમાં જવા લાગી. અચાનક સામેથી એક કાર આવી ચડતાં રોશની પોતાની ગભરાઈ ગઈ ને સ્પોર્ટસ કાર પરનો કાબુ ગુમાવી દીધો. ધડાકાભેર બંને કાર અથડાઈ. રોશની બેભાન બની ચુકી હતી જો કે તેણી ભાનમાં આતાં જ તેને ખબર પડી કે પોતે આંખોની દ્રષ્ટી ગુમાવી દીધી છે. અલબત અકસ્માતમાં સામેથી આવી રહેલી કારમાં બેઠેલી એક મહીલા અને તેની પુત્રીના મૃત્યુ નિપયા હતા.એ હકીકતથી રોશની હજુ બેખબર હતી. કોઈએ તેને આ વાત કરી નહોતી.

સમય વીતવા લાગ્યો, રોશની શારીરીક રીતે સ્વસ્થ થવા લાગી હતી. તેની કારકીર્દી ઉપર પુર્ણ વિરામી મુકાઈ ગયું હતું. એક તબીબ સાથે લગ્ન કરી ઠરીઠામ થવાની તેની ઈચ્છાઓ તેના મનમાં જ ધરબી દેવી પડી હતી. તેને હજુ હોસ્પિટલમાંથી રજા આપી ન હીતી.

એવામાં અચાનક એક દિવસ ડો. પ્રકાશે રોશનીના માથે પ્રેમથી હાથ ફેરવીને કહ્યું ડીયર રોશની તારા માટે આજે મારી પાસે એકે અમૂલ્ય ખુશ ખબર છે. હું તને નવી જીંદગી આપવાનો છું. આજે તારી આંખોનું ઓપરેશન કરવા નિષ્ણાત તબીબો અહીં આવી રહ્યા છે. તું તૈયાર છે ને ? અને હા.. જો તારે ચિંતા કરવાની કોઈ જરૂરત નથી. હું તારી સાથે જ છું તું ઓપરેશન માટે તૈયાર છે ને ?રોશનીએ મનોમન ખુશ થતાં હા ભણી દીધી. સર્જરી સફળતાપુર્વક પૂર્ણ થઈ. થોડા દિવસો બાદ સહુ સગાસંબંધીઓની હાજરીમાં ડો. પ્રકાશે રોશનીની આંખો પરનો પાટો હટાવ્યો. સહુ ચીંતીત અને ઉત્સુક હતાં. શું પરિણામ આવ્યું હશે ? આંખો પરથી પાટો હટાવ્યા બાદ રોશનીએ ધીરે ધીરે આંખોના પોપચાં કયાં અંધકાર દુર થઈ ગયો હતો. ફરી વખત રોશની આવી ચુકી હતી. માત્ર રોશની જ નહીં તેના માતા પિતા સગાંસંબંધીઓ સહુ ખુબ ખુશ હતા. એમાય રોશનીની ખુશીનો કોઈ પાર નહોતો.

થોડા સમય બાદ રોશનીએ મેડીકલની પરીક્ષાપાસ કરી લીધી ને તે ડોકટર બની ગઈ. એક દિવસે ડો. પ્રકાશ રોશનીના માતા પિતાને મળવા તેના ઘેર આવી પહોંચ્યાં. ડો.પ્રકાશને જોતાં જ રોશનીના માતા પિતા તો અત્યંત ભાવુક બનીને તેમને આવકાર્યા.

ડો.પ્રકાશે બીજી કોઈપણ પ્રસ્તાવના બાંધ્યા વગર સીધો જ રોશનીનો હાથ માંગી લઈ લગ્નની ઈચ્છા દર્શાવી. એમાંય ખુશી, હર્ષાશ્રુ અને આભારવશતા સાથે રોશનીનો હાથ ડો.પ્રકાશના હાથમાં સોપવા માતા પિતાએ હા ભણી દીધી. તેમણે એ હકીકતને નગણ્ય કરી કે ડો.પ્રકાશના આ બીજા લગ્ન છે થોડા સમય પુર્વે તેમની પત્ની મૃત્યુ પામી હતી.ડો. પ્રકાશ યુવાન હતા રોશનીએ પણ પોતાની જીંદગીનો અંધકાર દુર કરનાર પ્રકાશદાતા સાથે રાજીખુશીથી લગ્ન કરી લીધા.

લગ્નબાદ આ દંપતિ ખુબ જ ખુશ હતું. તેઓની જીંદગી સુખમય હતી પરંતુ રોશનીને કયારેક એવું લાગતું હતું કે ડો.પ્રકાશ તેમની પત્નીને ભુલી શકયા નથી. આ કારણસર એક વખતે બંને વચ્ચે તકરાર પણ થઈ ને એ વખતે ડો.પ્રકાશે રોશનીને જે વાત કરી તે સાંભળીને તે દિગ્મુઢ થઈ ગઈ. ડો.પ્રકાશે કરેલા ખુલાસા બાદ રોશનીને ખ્યાલ આવ્યો કે જે કાર અકસ્માતમાં પોતે દ્રષ્ટી ગુમાવી હતી તે ઘટનામાં સામેની કારમાં બેઠેલ એક મહીલા ને તેની પુત્રી પણ મૃત્યુ પામ્યા હતા. આ મહીલા બીજુંકોઈ નહીં પણ ડો.પ્રકાશની પત્ની હતી ને તેની સાથે રહેલ બાળકી તેઓની પુત્રી હતી. પત્નીએ મરતા પુર્વે પોતાની આંખો રોશનીને દાન કરવાની ઈચ્છા પ્રગટ કરી હતી. ફરી અંધકારમાં ખોવાઈ ગયેલી રોશનીની આંખો વરસી રહી હતી.

-મંજુ પ્રજાપતિ

## હવે માત્ર પાંચ પૈસા પ્રતિ લિટરમાં પીવાલાયક પાણી મળશે..!!

ન્યુ દિલ્હી

ઉનાળો શરૂ થતાં દેશમાં ઘણાં સ્થાનો પર પીવાના પાણીની સમસ્યા શરૂ થાય છે. જેના પર હવે કેન્દ્ર સરકાર તરફથી નવતર પ્રયોગ કરવા માટે વિચારણા ચાલી રહી છે. થોડાક જ દિવસોમાં દરિયાના પાણીને પીવાલાયક પાણીમાં ફેરવીને ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવશે. ખરેખર જો આવું થાશે તો ભારતમાં પીવાના પાણીની સમસ્યાનો ઘણા અંશે ઉકેલ આવી જશે.

કેન્દ્રીય જળસંપત્તિ મંત્રી નીતિન ગડકરીએ આ મુદ્દા અંગે બોલતા કહ્યું કે, ખૂબ જ નજીકના ભવિષ્યમાં દેશમાં ઘરે ઘરે દરિયાના ખારાં પાણીને શુદ્ધ પીવાલાયક બનાવી પહોંચાડવામાં આવશે. આ માટે પ્રતિ લિટર ફક્ત ૫ પૈસા જેટલો જ ખર્ચ આવશે. સમુદ્ર કિનારાની દ્રષ્ટિએ ભારત પાસે ખૂબ જ વિશાળ કિનારો છે જ્યાં આ પદ્ધતિનો ઉપયોગ કરી મોટા પાયે પીવાનું પાણી ઉત્પાદિત કરી શકાય છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે હાલ આ યોજના પ્રાયોગિક ધોરણે છે અને તેનું ટ્રાયલ તામિલનાડુના તૂતીકોરિન ખાતે થઈ રહ્યું છે.

# યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રીનો વિધિવત્ત પ્રારંભ




ચૈત્રી નવરાત્રીનો યાત્રાધામ અંબાજી ખાતે વિધિવત્ત પ્રારંભ કરાયો છે. જેને લઇ માતાજીનાં મંદિર માં ઘટસ્થાપન કરવામાં આવ્યુ હતુ. આમ તો આસો અને ચૈત્ર માસની બન્ને નવરાત્રી નો વિશેષ મહત્વ સમાયેલું છે. આજે શરૂ થયેલી ચૈત્રી નવરાત્રી દરમીયાન શુભ મુહર્તમાં મંદિરનાં મુખ્ય પુજારી ભટ્ટજી મહારાજ અને પ્રાંત અધીકારી  ની ઉપસ્થીતીમાં આ ઘટ સ્થાપન વિધિ કરવામાં આવી હતી. જોકે આ ઘટ સ્થાપનમાં પાંચ અનાજ નાં જવેરા વાવવામાં આવે છે અને નવમાં દિવસે ઉગતાં આ જવેરાનું જોઇને ખેડુતો માટેનો વર્ષ કેવું રહેશે તેનો પણ અંદાજ નિકાળવામાં આવે છે અને જેટલાં જવેરાં મોટાથાય તેટલો મોટો વિકાસ થવાની માન્યતાં આ ઘટ સ્થાપનમાં સમાયેલી છે.

# પાલનપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું પથ સંચલન યોજાયું


(સંજય જોષી)

પાલનપુર

બનાસકાંઠા રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ દ્વારા આજ રોજ પથ સંચલન યોજાયુ હતુ.જે પથ સંચલનએ શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટીમાં પરીભ્રમણ કર્યુ હતુ. રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ દ્વારા ૯૨ વર્ષથી વ્યક્તિ નિર્માણ, ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

જ્યાં પાલનપુરમાં આજરોજ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના આદ્ય સર સંઘચાલક ડો. હેડગેવારજીના જન્મ દિવસ તેમજ વર્ષ પ્રતિપદા ઉત્સવ પ્રસંગે શહેરના માર્ગો ઉપર પથ સંચલન કરવામાં આવ્યું હતું. સ્વયં સેવકો શહેરના ગોબરીરોડ સ્થિત ભગતસિંહ શાખાના મેદાનથી પ્રસ્થાન કરી તુલસીપાર્ક સોસાયટી, અંબિકાનગર રોડ, ગઠામણ દરવાજા, હનુમાન શેરી, માળીવાસ, વીરબાઈ ગેટ, ટેકનીકલ હાઈસ્કૂલ, શશીવન રોડ, મોદીનગર અને રામનગર થઈ ભગતસિંહ શાખા મેદાનમાં પરત ફર્યા હતા.જેમાં મોટી સંખ્યામાં સ્વય સેવકો જોડાયા હોવાનું પાલનપુર નગર કાર્યવાહ કમલેશભાઇ દ્વીવેદીએ જણાવ્યું હતું.

# પાલનપુર ખાતે ચેટીચાંદની ઉત્સાહભેર ઉજવણી


(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર ખાતે ચેટીચાંદની ઉત્સાહભેર ઉજવણીમાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ઉત્સાહપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શહેરમાં બાઈક રેલી તથા ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ ઉપરાંત દિવસ દરમિયાન, બટુક જનોઇ, સમૂહ ભોજન સહીતના જુદા-જુદા કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સિંધી સમાજ દ્વારા લીલાશા કુટીયાથી બાઇક રેલી યોજવામાં આવી હતી. જેમાં ભારતમાતા સહીતની વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપર પરિભ્રમણ કરી પરત લીલાશા કુટીયા પહોંચી હતી. જ્યાં સમૂહ ભોજન અને યજ્ઞોપવિત સહીતના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.જેમાં મોટી સંખ્યામાં સિંધી સમાજના લોકો જોડાયા હતા.

# થરાદમાં આરએસએસનું જિલ્લાનું વિરાટ પથ સંચલન યોજાયું


(વિષ્ણુ દવે)

### નગરના રાજમાર્ગો પર ઠેર ઠેર ભગવાધ્વજનું ભવ્ય સ્વાગત કરાયું

(પ્રતિ.) થરાદ

ચારિત્ર્ય નિર્મોણ થકી વ્યક્તિ નિર્મોણ અને વ્યક્તિ નિર્મોણથી રાષ્ટ્ર નિર્માણ દ્વારા હિન્દુ સંગઠન અને એકતાની ભાવના જગાવવા આર.એસ.એસ દ્વારા થરાદ નગરમાં પ્રશિક્ષણ વર્ગ યોજાય છે. રવિવારે શહેરમાં આર.એસ.એસ.ના નવા વર્ષની ઉજવણી તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક આદ્ય સરસંઘ સંચાલક ડો.કેશવ બલીરામ હેગડેવારજીના જન્મદિવસ પ્રસંગે થરાદ નગરમાં જિલ્લાનો જાહેર કાર્યક્રમ તથા પથસંચલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત થરાદની ગાયત્રીવિધાલયમાં પધારેલા જિલ્લાના ૫૦૦થી વધુ સ્વયંસેવકોએ રવિવારે શહેરના વિવિધ વિસ્તારોમાં પથસંચલન (રૂટ માર્ચ) કરતાં શહેરમાં શિસ્ત, સાદગી અને હિન્દુત્વના દર્શન થયાં હતા. ગાયત્રી

અનુસંધાન પાના નં.૬

## સફળ સજીવ ખેતી

# વડગામના ખેડૂત દ્વારા વિઘા દીઠ ૧૦૦ મણ ઘઉંનું ઉત્પાદન

### સરકારી શિક્ષકની નોકરી છોડી ખેતીના નિષ્ણાંત બન્યાં


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

રાસાયાણિક ખાતરો અને જંતુનાશક દવાથી ખેતરોમાં ઉત્પાદીત થતા ખાદ્ય પાકો આરોગવાથી લોકો અવનવા રોગોનો ભોગ બની રહ્યાં છે તેથી છેલ્લા ઘણાં સમયથી ખાતર અને દવાથી મુક્ત સજીવ ખેતીનું ચલણ વધી રહ્યું છે. ત્યારે વર્ષોથી સજીવ ખેતી અપનાવી વડગામના કૃષિના ઋષિ ભીખાજી સોલંકીએ હાલની શિયાળુ સિઝનમાં વિઘા દીઠ ૧૦૦ મણ ઘઉંનું માવતર ઉત્પાદન મેળવી સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા સાથે અન્ય ખેડૂતોને પણ પ્રેરણા પૂરી પાડી છે.

ખેતીમાં આવડત હોશિયારી હોય તો સારામાં સારી આવક લઈ શકાય છે. ખેતીમાં સજીવ પધ્ધતિથી ઉત્તમ ઉત્પાદન લઈ શકાય તેવું સાબિત કર્યું છે ધાન્ધારના વડગામના ભીખાજી કાળુજી સોલંકીએ તેઓ ૧૯૭૦ની સાલમાં શિક્ષક તરીકે પાંચેક વર્ષ નોકરી કર્યા બાદ સરકારી નોકરી કરીને ખેતીનો વ્યવસાય અપનાવ્યો.

આદર્શ પ્રગતિશીલ ખેડૂત ભિખાજી સોલંકીએ ૧૯૯૫ની સાલમાં ઘઉંની ખેતી અપનાવતાં પાક ઉત્પાદન હરીફાઈમાં રાજયમાં પ્રથમ નંબરે આવ્યા હતા. પંજાબના ખેડૂતો કરતાં પણ એકમ વિસ્તારમાં વધુ ઉત્પાદન લેતાં

અનુસંધાન પાના નં.૬

# ઉનાળાની ઋતુના આરંભે જ પાણી માટે વલખાં મારતા દ્રશ્યો : ઉનાળો આકરો નિવડવાના અણસાર


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

સમગ્ર ગુજરાતમાં ઉનાળાની સિઝનમાં જળ સંકટ ઉભુ થાય તેવી ભિતિ સેવાઈ રહી છે. જેના અણસાર અત્યારથી જ આવી રહ્યા છે રાજ્યમાં સિંચાઈનુંપાણી પૂરી પાડતી કેનાલો પણ સુકાવા જઈ રહી છે જેને લઈ જગતનો તાત પણ ચિંતામાં મુકાઈ રહ્યો છે હજારો હેક્ટર જમીનમાં થયેલ વાવેતર પર સીધી અસર પડી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા સરદાર સરોવર ડેમમાં પાણીની ઓછીમાત્રાને કારણે ઉનાળાની ઋતુમાં મોટું જળસંકટ ઉભુ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પાણીની તંગીને પહોંચી વળવા એક્શન પ્લાન પણ ઘડાયો છે તેમ છતાં ઉનાળાનો આરંભ થાય તે પહેલા જ પાણી માટે વલખાં મારતા દશ્યો સામે આવી રહ્યા છે. ઉપરોક્ત તસ્વીરમાં પણ નાના બાળકો ઉનાળાની ઋતુમાં પાણીથી પ્યાસ બુઝાવવા માટે બાળકો માથે ચડી પરબમાંથી પાણી પીતા નજરે પડ્યા હતા તે તસ્વીર સોસીયલ મીડીયામાં આવતા અનેક કોમેન્ટ અને લાઈક કરવામાં આવી હતી અને પાણીનો બચાવ કરવા પાણીનો થતો બગાડ અટકાવવા સુચનો આપવામાં આવ્યા હતા.

# જેતડાથી રાહ રોડની ગોકળગતિએ થતી કામગીરીથી લોકોને હાલાકી


પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

જેતડા થી રાહ રોડની સાઈડ બોધવાની કામગીરી છેલ્લા પાંચ મહિના થી ગોકલગતી એ ચાલે છે તેમજ રોડની સાઈડ મો ખાડા તેમજ પથ્થર ના ઢગ ખડકેલા હોવાથી બસ તેમજ નાના મોટા વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. આસોદર તેમજ આજુબાજુ પંથકમાં રોડ ની કામગીરી ના કારણે બસ પણ રેગ્યુલર આવતી નથી. રોડખાતા ના લાગતા વળગતા અધિકારી દ્વારા તાપસ કરી જેમ તેમ જલ્દી કામગીરી પૂર્ણ કરવામો આવે તેવી લોક માંગણી છે.

# વાવના નાળોદર ગામે ખેતરમાં આગ લાગતા ખેતમજુરનું ઝુંપડું બળીને ભસ્મીભુત


વિષ્ણુ પરમાર

### ખેતમજુરનો પાક અને ઘરવખરી ખાખ થઈ ગઈ

તા.પ્રતિનિધિ વાવ

વાવથી ૧૫ કી.મી.ના અંતરે નાળોદર ગામે સામતાભાઈ ભુદરાભાઈ મણવર (દલિત) પોતાના પરિવાર સાથે ખેતરમાં રહે છે. ગતરોજ તા.૧૭-૩-૧૮ ના રોજ સાંજે ૫.૦૦ કલાકના સુમારે તેમના ખેતરમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠતાં તેમનું ઝુંપડું બળીને ભસ્મીભુત થઈ ગયું હતું. તેઓએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે, હું ખેતરમાં ઉભેલા ઘઉંના પાકને કાપી રહ્યો હતો ત્યારે અચાનક આગ ભભુકી ઉઠતાં મારી ઘરવખરીનો તમામ સામાન, રોકડ રકમ તેમજ એરંડા અને બાજરીની બોરીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. અંદાજે ૧ લાખથી વધુ રકમનું નુકશાન થયું છે.

તમામ માલસામાન બળીને ભસ્મીભુત થઈ ગયો છે. પરિવારને પહેરવા કપડાં સિવાય કોઈ વસ્તુ બચી નથી. ગામ લોકોના સહીયારા પ્રયાસથી પાણીના ટેન્કર દ્વારા આગને કાબુમાં લેવાઈ હતી. આ બાબતે વાવ મામલતદારને જાણ કરાઈ છે.

# બનાસકાંઠા જિલ્લા સંઘ દ્વારા સેમીનાર યોજાયો


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લા સંઘ દ્વારા પ્રથમ વાર જિલ્લાની ૫૦૦૦ જેટલી ક્રેડીટ સોસાયટીઓ સહકારી અને દુધ મંડળીના ચેરમેન, મંત્રી અને કર્મચારીઓનો સેમીનાર યોજાયો હતો.

જેમાં તેમને સઘન તાલીમ અને માર્ગદર્શન આપી 'વિના સહકાર નહીં ઉદ્ધાર' ના સૂત્રને સાચા અર્થમાં સાકાર કરવા સુચન કરાયું હતું. ખાસ કરીને ક્રેડીટ સોસાયટીના ચેરમેન મંત્રીઓ દબાણમાં આવી અપ-ુરતા દસ્તાવેજો ઉપર લોન આપી દે છે જેથી લોન પરત આવતી નથી અને લોનધારક સામે કોઈ પગલાં પણ ભરી શકાતા નથી. જેથી નાના અને મધ્યમ વર્ગની થાપણોને નુકશાન થાય છે તે બાબતે વિગતવાર માહિતી આપી નાના વર્ગના લોકોને લોન આપી પગભર કરવાની તાકીદ કરાઈ હતી.

સેમીનારમાં એક 'મોબાઈલ એપ્લીકેશન' લોંચ કરાઈ હતી. જેથી મંડળીઓનું 'અપડેટ' દરરોજ મળી રહેશે. કાર્યક્રમનું આયોજન જિલ્લા સંઘના ચેરમેન અણદાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન રમેશભાઈ પટેલે કર્યું હતું.

# વડગામમાં પથ સંચલન..


પુષ્કર ગોસ્વામી

ભારતીય નવવર્ષના ઉપક્રમે તાલુકા મથક વડગામ ખાતે રાષ્ટ્રીય સ્વયસેવક દ્વારા પથ સંચલન યોજાયું હતું જેમાં તાલુકાના તમામ ગામોના સ્વયંસેવકો જોડાયા હતા.

# ડીસામાં ચેટીચંડ નિમિતે ઠંડાઈનું વિતરણ


વિનોદ બાંડીવાલા

ડીસા ખાતે પૂજ્ય સિન્ધી સમાજ સેવાટ્રસ્ટ દ્વારા ચૈત્ર સુદ ૨ ને તા.૧૮/૩/૨૦૧૮ ના રોજ તેરમીનાળા ખાતે આવેલ શ્રી ઝુલેલાલ મંદિરે સવારે હવન બાદ ભોજન પ્રસાદનો મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ લાભ લીધો હતો આ ભોજન પ્રસાદની સાથે ગરમીને ધ્યાને લઈ ઠંડાઈનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

SANDHAR
Growth. Motivation. Better Life

Manufacturing 21 categories of products for two-wheelers, passenger, commercial and off-highway vehicles, tractors and non-automotive segment.

ONE OF THE MANY GROWTH COMPONENTS OF SANDHAR

- India's leader in 'two-wheeler locking systems' & 'commercial vehicle rear view' markets*
- One of the two largest Indian companies in 'commercial vehicle locking systems' & 'two-wheeler rear view' markets*
- One of the two largest Indian manufacturers of 'operator cabins', and the largest player in the 'excavator cabins' market*
- Customer portfolio of 79 Indian and global OEMs across various segments
- 31 manufacturing facilities across 8 states in India, and 4 facilities^ in Spain, Mexico and Poland
- 5 manufacturing facilities in India are currently under process of commissioning



*Source: CRISIL Report. ^Including 3 manufacturing facilities and 1 assembly and packaging centre.

**SANDHAR TECHNOLOGIES LIMITED: Registered Office:** B-6/20, L.S.C. Safdarjung Enclave, New Delhi – 110 029, India
**Corporate Office:** 13, Sector – 44, Gurugram – 122 002, Haryana, India; **www.sandhargroup.com**

SANDHAR TECHNOLOGIES LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares ("**Equity Shares**") and has filed a Red Herring Prospectus with the Registrar of Companies, Delhi and Haryana. The Red Herring Prospectus will be available on the website of the SEBI at www.sebi.gov.in and the websites of the Book Running Lead Managers at www.icicisecurities.com and www.axiscapital.co.in. Any potential investor should note that investment in Equity Shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled "Risk Factors" on page 20 of the Red Herring Prospectus as supplemented by an addendum cum corrigendum dated March 13, 2018. Investors should not refer to the DRHP for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, U.S. persons (as defined in Regulation S under the U.S. Securities Act) ("**Regulation S**") except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. No public offering of securities is contemplated in the United States.

**This announcement has been prepared for publication in India and may not be released in the United States. This announcement is not an offer to sell or a solicitation of any offer to buy securities of our Company in the United States.**

Adfactors/584

# તંત્રી સ્થાનેથી ...

**જીવનનું સાચું સુખ બીજાને સુખી કરવામાં છે, બીજાને લુંટવામાં નહીં.**

## પાક.માં ભારતીય રાજદૂતને કરાતી હેરાનગતીની તપાસ જરૂરી

પાકિસ્તાને હમણાં તેના એક રાજદૂતને ભારતમાંથી પાછા બોલાવી દીધા હોવાનો મામલો તાજેતરમાં પ્રકાશમાં આવેલ છે. પાકિસ્તાને ભારતમાં રહેતા તેના રાજદૂતો અને સ્ટાફને હેરાનગતિ થતો હોવાનો આક્ષેપ કર્યો છે. પરંતુ હકીકત કંઈક જુદી હોવાનું કહેવાય છે. ઉલટાનું પાકિસ્તાનીઓ તેમના દેશની અંદર રહેતા ભારતીય હાઈકમીશનના અધિકારીઓ અને અન્ય સ્ટાફની સતામણી વર્ષોથી કરતા રહ્યા છે, અડધી રાત્રે ડોરબેલ વગાડી ભાગી જવું. અશ્લીલ ફોન કરીને પરેશાન કરવું તેમજ અકારણ પાણી અને વીજળીનો પુરવઠો કાપી નાંખવા જેવી બાબતો પણ બહાર આવી છે.

વળી રાજદૂતો આને તેમના પરિવાર જનોની કારનો પીછો કરવો, આક્રમક ઘર્ષણમા ઉતરવું તેમજ તેમના બાળકોને ધમકાવવા જેવી બાબતો પાકિસ્તાનમાં સામાન્ય બની ચૂકી છે. આ બાબતે ફરિયાદો કરવામાં આવી હોવા છતાં નફફટ એવા પાકિસ્તાન તરફથી તેને રોકવા માટેના કોઈ પણ જાતનાં પગલાં ભરવામાં આવ્યો નથી. પાકિસ્તાનની આ રીતની અવળ ચંડાઈથી વિશ્વના રાષ્ટ્રોપણ પાકિસ્તાનની આ રીતની નીતિથી આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે.

ખરેખર પાકિસ્તાનના વહીવટદારોએ આ અંગે જરૂરી તપાસ ચલાવીને રાજદૂતો અને તેમના ભારતીય પરિવારજનોને હેરાન કરતા તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવી જોઈએ જે તેમનામાં થોડી માણસાઈ હોય તો !

૧૯૪૭ પછી ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રણ ત્રણ વખત યુધ્ધ ખેલયા પરંતુ પાકિસ્તાન ક્યારેય ફાવ્યું નથી. અને હાલમાં બંને દેશો વચ્ચે જમ્મુ-કાશ્મીર મુદે આગ ઝરે છે. એનું ઝેર રાખીને પાકિસ્તાનીઓ ત્યાં રહેતા ભારતીય રાખજૂતોને હેરાન-પરેશાન કરે છે તે યોગ્ય છે ખરૂ ? પાકિસ્તાન વર્ષોથી નફફટ રહ્યુ છે અને તેમાં હવે કોઈ ફેરફાર થાય તેવી શક્યતા પણ જણાતી નથી.

જો કે તદ્દન જુઠ્ઠું બોલવામાં પાકિસ્તાન સામે પણ એવા આક્ષેપ કરે છે, તાજેતરમાં બંને દેશોના મંત્રાલયોએ સિનિયર ડિપ્લોમેટ્સ સિલ્ટેમેટિક હરેલમેન્ટમાં સામેલ હોવાના આક્ષેપો કર્યા છે.હાઈકમિશનના સ્કૂલે જતાં બાળકો પણ તેનો ભોગ બનતા હોય છે. બાળકોને હેરાન કરવા પાછળ ત્યાંના રાજકીય તત્વોને ક્યો ફાયદો થતો થશે. ?

પાકિસ્તાનની અવળચંડાઈને માત્ર ભારતમાંજ નહિં પરંતુ અન્ય રાષ્ટ્રોમાં પણ ચર્ચા થાય છે. તેમ છતાં પાક.ને આ બાબતની લેશમાત્ર ચિંતા જણાતી નથી. ભારતીય સરકારે આ બાબતે પાકિસ્તાનને ટકોર કરવી જોઈએ અને કહેવું જોઈએ કે આવી હલકટ પ્રવૃત્તિ શા માટે કરવામાં આવતી હશે ?

ભારત-પાક.ના નેતાઓ દ્વારા ભૂતકાળમાં અનેક વખત'શાંતિ'ની વાટાઘાટો યોજી છે, ભારતના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ માટેના શરૂઆતના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા છે. ઉલ્ટા ચોર કોટવાલને દંડે તેવી નિતી અપનાવતાં પાકિસ્તાને તાજેતરમાં નવી દિલ્હીમાં પાકિસ્તાનના

# આદ્ય શંકરાચાર્ય માતાના અંતિમ સમયે પાસે જ રહ્યા.. સમાજ સમક્ષ માતૃભક્તિનો જીવંત આદર્શ મૂક્યો

**ગતાંકથી ચાલુ..**

હવે શંકર આઠ વર્ષનો થયો. એક વાર શંકર એમની માતા સાથે નદીએ ગયો. બંને જણાં નદીમાં સ્નાન કરવા ઉતર્યા. શંકર માતાથી થોડે દૂર સ્નાન કરી રહ્યો હતો. એવામાં મગરે એનો પગ પક્ડ્યો. મગર શંકરને ઉંડા પાણીમાં તાણી જવા લાગ્યો શંકરે માને બૂમ પાડીને કહ્યું : 'મા મને બચાવ. મગરે મારો પગ પકડ્યો છે.' આર્યમ્બા ગભરાઈ ગઈ. એણે બૂમ પાડી નદીકિનારે ઉભા રહેલા લોકોને બચાવવા માટે વિનંતી કરી. આ બાજુ મગર શંકરનો પગ છોડતો ન હતો. હવે શંકર હતો ન હતો થઈ ગયો સમજો શંકરે આર્યમ્બાને બૂમ પાડતાં કહ્યું : 'મા ! તું મને સંન્યાસી થવાની રજા આપ તો આ મગર મારો પગ છોડશે." ગભરાયેલી આર્યમ્બાએ વિચાર્યું કે, પુત્ર મૃત્યુ પામે એના કરતાં તો સંન્યાસી થાય એ જ પસંદ કરવા જેવું ગણાય. શંકર સંન્યાસી થાય એ તો એને નો'તું ગમતું, પરંતુ દીકરો ગુમાવવાનું તો એને પોષાય એમ ન હતું. એણે શંકરને ચોખ્ખી હા તો ના કહી, પણ એમ કહ્યું કે તને ઠીક લાગે એમ કરજે. બસ! ભગવાનનું કરવું તે માતાની સંમતિ મળતાં જ મગરે શંકરનો પગ છોડી દીધો ! શંકરનો સંન્યાસનો માર્ગ સરળ બની ગયો.

ભગવાને શંકરનો સંન્યાસનો માર્ગ મોકળો કરી આપ્યો. હવે શંકર સંન્યાસી બન્યો સદગુરૂની શોધમાં નીકળતા પહેલાં માતાને પ્રણામ કરવા ગયો. માતાએ શંકર પાસે વચન માગ્યું કે એની અંતઘડીએ શંકર તેની પાસે હાજર રહે અને એના અગ્નિ સંસ્કાર કરે. શંકરે હા કહી ઘર છોડ્યું. આત્મ સાક્ષાત્કારના ધ્યેય સાથે હવે શંકર સદગુરૂની શોધમાં નીકળી પડ્યા. પ્રબળ આત્મવિશ્વાસ એ શંકરની શક્તિ હતી. સાત્વિક વૃત્તિથી ભરેલું અંત:કરણ એ શંકરનું ધન હતું. પ્રગલ્ભ બુદ્ધિએની માર્ગદર્શક હતી.

આઠ વર્ષના સંન્યાસીનો તેજસ્વી અને ગૌરવાન્વિત ચહેરો જોઈને સૌ કોઈને વંદન કરવાનું મન થતું. શંકર ગોકણતીર્થ પહોંચ્યા. ગલીઓમાંથી પસાર થતાં કોઈએ શંકરને બૂમ પાડી. એણે જોયું એનો સહપાઠી વિષ્ણુ હતો. કાલટીમાં બંને સાથે ભણતા હતા. શંકરે વિષ્ણુને મનુષ્ય જીવનના ધ્યેય અને સંન્યાસ વિશે સમજ આપી. એણે વિષ્ણુને કહ્યું કે મેં કર્મ સંન્યાસ લીધો છે, પણ કર્મ છોડવાનો નથી. દેશ અને ધર્મ માટે જીવનભર નિષ્કામભાવથી કર્મ કરતો રહીશ. કર્મ બંધનકારક નથી, કર્મમાં રહેલી વાસના જ બંધનકારક છે. સાચો સંન્યાસી ધર્મ અને દેશ માટે નિષ્કામ ભાવથી કર્મ કરતો રહે છે. શંકરની વાતથી પ્રભાવિત થયેલો વિષ્ણું પણ શંકર સાથે નીકળ્યો. વિષ્ણુએ પૂછ્યું કે શું આ ઉંમર એ સંન્યાસ લેવાની ઉંમર છે ? શંકરે કહ્યું કે શુભ કર્મ કરવા માટે કોઈ નિશ્ચિત ઉંમર નથી હોતી. અંત:કરણમાં પ્રબળ વૈરાગ્ય જન્મે, મનમાં પવિત્ર વિચાર અને શુભભાવના જાગે ત્યારે સંન્યાસ ગ્રહણ કરી લેવો જોઈએ.

મનુષ્યના માથા પર કાળ ભમતો જ હોય છે. એ ક્યારે કોનો કોળિયો કરી જશે એની કોઈને ખબર નથી હોતી. શંકર અને વિષ્ણુ બંને સદગુરૂની શોધમાં નીકળી પડ્યા. સદગુરૂની શોધમાં નીકળેલા શંકરને નર્મદા કિનારે અમરકાન્તમાં ગોવિંદપાદ યોગીનાં દર્શન થયાં. શંકરના મનમાં થયું કે આજ મારા સદગુરૂ છે. ગોવિંદપાદ પણ શંકરને જોતાંની સાથે જ ઓળખી ગયા અને ખુશ થયા. શિષ્ય તરીકે શંકરનો સ્વીકાર કર્યો. શિષ્ય તો ગુરૂના આત્માને અભિવ્યક્તિ જ છે ને..! ગુરૂની વૃત્તિમાં પોતાની વૃત્તિને સમાવી દે તે સાચો શિષ્ય કહેવાય. સદગુરૂ અને શિષ્યનો સંબંધ તો અલૌકિક હોય છે. શંકરને જોઈને યોગી ગોવિંદપાદે સંતોષનો શ્વાસ લીધો અને શંકરને આશ્રમમાં પ્રવેશ આપવાની તૈયારીમાં લાગી ગયા. ગુરૂ પોતે જ હરિ છે, ઈશ્વર છે.

એકવાર ગોવિંદપાદ શંકરાચાર્યને પોતાના ગુરૂ ગૌડપાદના દર્શને લઈ ગયા. પરમ ગુરૂના દર્શનથી

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

શંકરાચાર્યને અનહદ આનંદ થયો. શંકરાચાર્ય અહીં ચાર વર્ષ રહ્યા. પરમ ગુરૂની આજ્ઞાથી એમણે ત્યાં અનેક ગ્રંથોની રચના કરી. પ્રસ્થાન ત્રયી (બ્રહ્મસૂત્ર, ઉપનિષદ અને શ્રીમદ્ ભગવદગીતા-ઉપરના ભાષ્યો) ની રચના પણ થઈ. ગૌડપાદે શંકરાચાર્યને હવે હૃદયથી આશીર્વાદ આપ્યા અને એમને દેશમાં પરિભ્રમણ કરવાની આજ્ઞા કરી. સદગુરૂને અને પરમગુરૂને પ્રણામ કરી શંકરે દેશાટનનો વિચાર કર્યો. રાષ્ટ્ર પરિભ્રમણના સંકલ્પનો શંકર અમલમાં મૂકે તે પહેલાં જ એમને માતા આર્યમ્બાનું તીવ્ર સ્મરણ થયું.શંકર વધુ વિચારે ત્યાં જ એણે પૂર્વાશ્રમના સંબંધી અગ્નિશર્માને જોયો. તે માતાની નાદુરસ્ત તબિયતના સમાચાર લઈને આવ્યો હતો. આર્યમ્બા હવે વધુ નહિ જીવે એવું જાણતાં જ વચનપાલન કરવા માટે શંકરાચાર્ય કાલટી જવા નીકળ્યો.

વહાલસોયી માતાની અંતિમ અવસ્થા જાણીને શંકરાચાર્ય ઉપર જાણે આભ તૂટી પડ્યું...! માતાને પોતાનું સર્વસ્વ માનનાર શંકરાચાર્ય હતપ્રભ બની ગયા. 'માતૃદેવો ભવ' નો આદર્શ શીખવતા હિન્દુ ધર્મના પ્રણેતા શંકરાચાર્ય મૂંઝાઈજાય એ સ્વાભાવિક હતું.

શંકરાચાર્ય બનતી ત્વરાએ કાલટી પહોંચ્યા અને માતાના ચરણોમાં પ્રણામ કર્યો. આર્યમ્બાની આંખમાંથી આંસુડાંની ધારા વહેવા લાગી. સાતેક વર્ષે પોતાના પનોતા પુત્રનું મુખ જોવા મળ્યું. પોતાને આપેલું વચન પુત્રે પાળી બતાવ્યું એનો સવિશેષ આનંદ હતો. માતાના અંત સમયે દર્શન થયાં તેથી શંકરને પણ ખૂબ સંતોષ થયો. શંકરાચાર્ય આર્યમ્બા પાસે રહ્યા. એમની ખૂબ સેવા કરી. હંમેશાં માતાની પથારી પાસે જ બેસી રહેતાં. માતાને દવા કોણ આપે..? શંકર. માને ગરમીમાં પંખો કોણ નાખે..? શંકર જ માતાને ભોજન કોણ કરાવે ? શંકર જ ને..પૂર્ણા નદીમાંથી જળલાવીને માતાને સ્નાન કોણ કરાવે ? શંકર. શંકરાચાર્યે સમાજ સમક્ષ માતૃભક્તિનો જીવંત આદર્શ મૂક્યો.

એક દિવસ માતાઆર્યમ્બાએ શંકરને કહ્યું કે તું સમગ્ર દેશમા પરિભ્રમણ કરી બધાને હિન્દુ વૈદિક ધર્મ સમજાવવાનો છે, તો તું મને તો કાંઈ સંભળાવ...?

મરતાં મરતાં મનેએવું કાંઈ જ્ઞાન આપ કે જેથી મારૂ કલ્યાણ થાય. શંકરાચાર્ય માતાને માટે 'તત્વબોધ' નામના ગ્રંથની રચના કરી માતાએ કહ્યું : 'બેટા ! આ બધામાં તો મને શું સમજ પડે..? તારી આ બધી જ્ઞાનની વાતો સમાન્ય માણસ ક્યાંથી સમજી શકાશે..?

તું મને ભગવાન કૃષ્ણનાં ગુણગાન સંભળવા શંકરાચાર્ય માતાની ઈચ્છા સંતોષવા કૃષ્ણાષ્ટકની રચના કરી અને આર્યમ્બાને પ્રેમથી સંભળાવી. (આપણે આગળ જોઈશું કે, માતાનો અગ્નિસંસ્કાર વિધિ, આદ્ય શંકરાચાર્યનો દિગ્વિજય, ચાંડલના રૂપે આવેલ વિશ્વનાથના દર્શન)

ક્રમશ :

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

## 'વાવે છે ઝેરી વૃક્ષ ફૂટે છે ડાળો આતંકની, તૂટી પડીએ બની વાવઝોડું, ઉખાડી નાંખીએ જળમૂળથી....'

**પોલીસ અધિકારી પર આધારિત પ્રથમ ગુજરાતી ફિલ્મ 'રતનપુર' ની હીરોઈન પ્રિયંકા તિવારી સાથેની વાતચીત**




ગુજરાતના સાબરકાંઠા વિસ્તારમાં બનેલી એક સત્ય ઘટના પર આધારિત આઈપીએસ અધિકારીની કથા વણતી પ્રથમ ગુ-જરાતી ફિલ્મ 'રતનપુર' તાજેતરમાં મલ્ટીપ્લેક્સ છબીઘરોમાં રીલીઝ થઈ છે.ગુજરાતની તાસીર




બદલાતી જાય છે એમ ફિલ્મોની કથાવસ્તુ પણ બદલાઈ રહી છે એનું બેનમુન ઉદાહરણ આજની ફિલ્મો છે.

'રતનપુર' ફિલ્મનું શુટીંગ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા અભયારણ્યમાં આવેલા કંદવાલ ગામની આજુબાજુના વિસ્તારોમાં થયું છે. આ ફિલ્મના હીરો તુષાર સાધુ એક પોલીસ અધિકારીના પુત્ર છે. અને હીરોઈન એ પ્રિયંકા અશોકભાઈ તિવારી.... આ પ્રિયંકા એટલે એજ જેણે બે વર્ષ પહેલા એટલે કે ૨૩ વર્ષની ઉંમરે 'આપણે તો છીએ બિન્દાસ્ત' ફિલ્મ ગુ-જરાતી ફિલ્મોમાં પ્રવેશ કર્યો.



પ્રિયંકા સાથે વાત કરવાનો મોકો મળ્યો મૂળ ઉત્તરપ્રદેશથી તિવારી પરિવાર ગુજરાતમાં આવ્યું અને કડીમાં જઈ વસ્યુ. ત્યાંથી પ્રિયંકા અને તેના પિતા વ્યવસાય અર્થે અમદાવાદ આવ્યા. પ્રિયંકાએ બીબીએ, સીએસ અને એલએલબીનો અભ્યાસ કર્યો, પણ અભિનયના ઓજસ પાથરવાનું આકર્ષણ રહેતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનો સંપર્ક કરવા લાગી. ૪૦ વર્ષથી ગુજરાતમાં વસતા હોવાથી મધમીઠું ગુજરાતી બોલતી આ અલ્લડ સ્વભાવની છોકરીને તેની તિવારી સરનેમને કારણે ગુજરાતી નહી આવડતું હોય એમ માનીને ગુજરાતી ફિલ્મો મળતી ન હતી પણ બે ત્રણ ગુજરાતી નાટકમાં પદાર્પણ કર્યા પછી ફિલ્મો પણ મળવા લાગી. અને બની ગઈ બિન્દાસ્ત ગર્લ(આપણે તો છીએ બિન્દાસ્ત) બાદ વિપુલ શર્માએ આ નવા પ્લોટ સાથે 'રતનપુર' ફિલ્મ બનાવી... તેમાં પડેલી મુશ્કેલી વિષે પુછતા પાંચ મિનિટ મૌન રહ્યા પછી હસતા મુખે કહ્યું હતું કે : 'રતનપુર' માં એક આઈપીએસ અધિકારીની પત્નીનો રોલ કર્યો છે. તેના એક ગીતનું શુટીંગ રાજસ્થાનમાં જેસલમેરના રણમાં ચાલી રહ્યું હતું. માર્ચ માસની બળબળતી ગરમીમાં ફિલ્માંકન થઈ રહ્યું હતું. લ્હાય બળતી રેતી ગાઉન્ડમાં પહેરેલી મોજડીમાં ભરાઈ જતા પગમાં ફોલા પડવા માંડયા હતા તેથી આંખોમાં પાણી આવી ગયા. જ્યારે આ વાત વિપુલ સરે જાણી ત્યારે એમણે પોતાના મોજા કાઢીને પહેરવા આપ્યા અને ગીતનું શુટીંગ પુરું થયું. આવા લાગણીશીલ ફિલ્મ રાઈટર - ડિરેક્ટર સાથે કામ કરવાનો મોકો મળ્યો એ પણ મારું સદ્ભાગ્ય છે.

ફિલ્મ બનાવતી વખતે પડતી મુશ્કેલી પછી જ્યારે ફિલ્મ સફળ થઈ અને ચારે બાજુ વાહ.. વાહ... મળે એ પછી ભુલાઈ જતી હોય છે. તિવારી ખાનદાનમાં અભિનય ક્ષેત્રમાં પદાર્પણ કરનાર પહેલી વ્યક્તિ તરીકેનું ગૌરવ અનુભવતી ૨૫ વર્ષીય પ્રિયંકા ગુજરાત વિષે કહે છે કે ગુજરાતીઓ ઓપન માઈન્ડેડ છે. બીજા રાજ્યોમાંથી આવતા લોકોને પ્રેમથી આવકારે છે અને કામ પણ આપે છે... મને ગુજરાતનું કલ્ચર (સંસ્કૃતિ) ખૂબ જ ગમે છે.

પાણીપુરી, દિલ્હી ચાટ અને ચટપટી વાનગી સાથે ગુજરાતી થાળીનું ભોજન ખાવાનું પસંદ કરનારી પ્રિયંકા કહે છે કે...

આતંકવાદના ભોરીંગને નાથવા બીજા સ્ટેટની જેમ ગુજરાતી પરિવારમાંથી પણ વધુ લોકો આર્મી કે નેવી જોઈન કરે તે જરૂરી છે. વર્તમાન મોદી સરકાર આતંકવાદને નાથવા પગલા લઈ રહી છે જે તેમ પણ પ્રિયંકાએ ભારપૂર્વક કહ્યું હતું ત્યારે મને પાલનપુરની કવયિત્રી આસ્થા ડી.શાહની પંક્તિ...

'વાવે છે ઝેરી વૃક્ષ ફૂટે છે ડાળો આતંકની, તૂટી પડીએ બની વાવાઝોડું, ઉખાડી નાખીએ જળમૂળથી...'

યાદ આવી ગઈ..

અને મારાથી ભ્રષ્ટાચારને ડામવા શું કરવું જોઈએ ? એવો પ્રશ્ન પુછાઈ ગયો .

તેનો આ સમજુ અભીનેત્રીએ સરસ જવાબ આપ્યો... આપણા દેશને લુણો લાગવામાં સૌથી મોટો ફાળો ભ્રષ્ટાચારનો છે.. તેને નાથવા દરેક ભારતીયે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે કોઈએ લાંચ લેવી નહી કે આપવી નહી અને લાંચ માગનાર કે લેનારની જાણ થાય તો તેને સોશીયલ મીડિયામાં એકસપોજ કરવા જ જોઈએ.

પ્રિયંકાની ભ્રષ્ટાચાર અને આતંકવાદ વિષેની વાતથી આપ સહમત છો ? તો મને મેઘ - વર્ષા ૧૪, સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર ૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે!

**સંવેદના :**
**માણે ના પોતે તો આ અમુલ્ય જીવનને,**
**ને બીજાના જીવનને ઉજાડે છે આતંકવાદીઓ**
**- ધરતી ભટ્ટ પરખડી - પાલનપુર**

**મનિષ જોષી,'મૌન' વડોદરા**

## રેટ્રો ક્લાસિક એક્ઝિબિશનમાં પોર્શે સ્પોર્ટ્સ કારની ૭૦ વર્ષની ઉજવણી



આ વર્ષના રેટ્રો ક્લાસિક એક્ઝિબિશનમાં પોર્શે મ્યુઝિયમ પોર્શે સ્પોર્ટ્સ કારના ૭૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે.પોર્શે સ્ટેન્ડ પર દર કલાકે મુલાકાતીઓને પોર્શે બ્રાન્ડના ઈતિહાસ દ્વારા સમાયંતરે ૧૫ મિનિટની મુસાફરીનો અનુભવ કરવા આમંત્રણ આપવામાં આવે છે. ગાઈડિંગ ટૂરના સેન્ટર પ્રાઈઝમાંથી સ્પોર્ટ્સ કારની પસંદગી કે જેમાં, પોર્શે ૯૧૧ના આધારે ગ્રેન ટુરિઝો માટે અધ્યયનના રૂપમાં ટાઈપ ૯૧૫ પ્રસ્તુત કરે છે. આ અનોખું વ્હિકલ ૧૯૬૯ના પાનખરમાં ટાઈપ ૯૧૫ ડેઝિગ્નેશન હેઠળ બનાવવામાં આવ્યું હતું. આના વ્હીલબેઝને ૩૫૦ મિલીલિટર સુધી વધારી દેવામાં આવ્યું, ૯૧૫ પાછળ બેસતાં મુસાફરો માટે વધું લેગરૂમ ઓફર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. આ લાઈટવેઈટ અને સસ્તી સ્પોર્ટ્સ કાર ૧૯૫૦ના દાયકામાં યુએસ માર્કેટ માટે વિકસાવવામાં આવી હતી.

રેટ્રો ક્લાસિક એક્ઝિબિશન ૨૨-૨૫ માર્ચ દરમિયાન મેસે સ્ટટગાર્ટ ટ્રેડ ફેર સેન્ટર ખાતે થઈ રહ્યું છે. પોર્શે મ્યુઝિયમ, હોલ- ૪-ધ પોર્શે હોલમાં તેના પરંપરાગત સ્થાનમાં જોવા મળે છે.

*આગામી ડાન્સ રિયાલિટી શો હાઈ ફીવર...*

## ડાન્સ કા નયા તેવર શોને પ્રમોશન દરમિયાન લારા દત્તાએ મેરી હાનિકારક બીવીના સેટ્સ પર મચાવી ધમ્માલ



&TV પર નો પ્રોમો બહાર આવતાં જ ચર્ચાને ચકડોળે ચઢ્યો છે. આ અનોખી સંકલ્પનાએ ઉદ્યોગમાં ભારે ચર્ચા જગાવી છે. ચેનલ પણ આક્રમક રીતે શોને પ્રમોટ કરી રહી છે અને દર્શકો સુધી પહોંચવા માટે કોઈ કચાશ બાકી રાખવા માગતી નથી. શોના જજો પણ પ્રમોશનમાં સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે. ટૂંક સમયમાં જ શોની એક જજ લારા દત્તા ચેનલની અવ્વલ ફિકશન પ્રોપર્ટી મેરી હાનિકારક બીવી પર દેખાવાની છે. લારા દત્તા સાથે શોનો કો- હોસ્ટ નિતેશ શેટ્ટી પણ હશે, જે લારા દત્તાના ડ્રાઈવર ગિરપાડકર ખડેની ભૂમિકા ભજવી રહ્યો છે.

આગામી દશ્યમાં દેવિના &TVના આગામી ડાન્સ રિયાલિટી શો હાઈ ફીવર વિશે વાંચી સંભળાવશે, જેમાં અજોડ જોડીઓ હશે. સંકલ્પના વિશે જાણતાં તેણીને લાગે છે કે તેણી અને પુષ્પા પણ તેમના અજોડ સંબંધોને ધ્યાનમાં લઈને ભાગ લઈ શકે છે. તેણી પુષ્પાને આ વિશે જણાવે છે, પરંતુ પુષ્પા આરંભમાં સ્પર્ધા કપરી હશે એવું કહીને નકાર આપે છે. જોકે દેવિના તેને સમજાવે છે કે જો તેઓ પસંદગી પામ્યાં તો લોકપ્રિય બનશે. આથી સમય બગાડ્યા વિના તેઓ પ્રેકટિસ કરવાનું શરૂ કરે છે અને તે સમયે ખુદ લારા દત્તાની એન્ટ્રી સાથે તેઓ આશ્ચર્યચકિત થઈ જાય છે.દર્શકોને નિતેશ શેટ્ટી અને અન્ય ડ્રાઈવર નિષ્ફળ જતાં પરંતુ શોમાં હાસ્યસભર સ્થિતિઓ પેદા કરતાં પણ જોવા મળશે. તેઓ બોલીવૂડનાં લોકપ્રિય ગીત બો ડિગી પર ડાન્સ કરીને લારાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે ત્યારે હાસ્યની છોળો ઊડે છે.

જોતા રહો મોજમસ્તી, મેરી હાનિકારક બીવી, સોમવારથી શુક્રવાર, રાત્રે ૧૦.૦૦, ફક્ત &TV પર

## ઉડાન ૧૦૦૦ એપિસોડનું માઈલસ્ટોન એચિવ કરે છે



જકડી રાખનાર વર્ણન, સામાજીક અન્યાય સામે અવાજ ઉપાડવો અને કેટલાંક મનમોહક પરફોર્મન્સિસની હેડલાઈન વડે કલર્સનું ઉડાન પોતાની શરૂઆતથી જ હૈયાં જીતી લેનાર બની રહેલ છે. ભારતીય ટેલિવિઝન પર ટોચના ૧૦ ફિકશન શોઝમાંનો એક તરીકે ઈં ચાર્ટ પર શાસન કરનાર, આ સોશ્યલ ડ્રામા મુક્ત વિચરણ કરનાર ચકોરના જીવનને અનુસરે છે જે એક બંધક મજૂર તરીકેની બેડીઓને પોતાના ધૈર્ય અને નિર્ધાર વડે તોડી દે છે. મહેશ ભટ્ટ દ્વારા કન્સેપ્ટ તૈયાર કરવામાં આવનાર અને ગુરુદેવ ભલ્લા તથા ધવલ જયંતિલાલ ગડા દ્વારા નિર્મિત ઉડાન પોતાના બહુગુણિત વળાંકો અને ઘુમાવો વડે ૧૦૦૦ એપિસોડના માઈલસ્ટોન સુધીની પોતાની મજલ કાપી ચૂકેલ છે.આના પર વિગતવાર માહિતી આપતાં મહેશ ભટ્ટે કહ્યુ, ૭ વર્ષની વયનીના શમણાં તરીકે જે શરૂ થયું હતું તે સામાજિક અન્યાય, પારિવારિક દ્વેષ અને લાગણીસભર અવરોધોમાંથી મુક્તિ મેળવવાની ગહન ગાથા તરીકે વિસ્તાર પામ્યું. આપણાંસમાજની વિચારસરણી સાથે સુસંગત એવા આ વિષયવસ્તુને જોવાનું ગળગળા કરી દેનાર છે. બંધક મજૂર હોવાથી લઈ ચકોરે પોતાના સંઘર્ષોનો સામનો કર્યો છે અને જીવનમાં તેણીના માર્ગમાં વધુ આવનાર છે."દર સોમવારથી શુક્રવાર સાંજે ૮-૩૦ કલાકે ઉડાન જોતાં રહો ફક્ત કલર્સ પર!

*મન હોય તો માળવે જવાય : જીંદગીમાં કોઈ વાત અશક્ય નથી : રાજ*

## જેતલસર પંથકના ડેડરવાના કિશોરે અકસ્માતમાં મોતને ભેટેલા પિતાની યાદ જીવંત રાખવા અકસ્માતગ્રસ્ત બાઈકને પુન: અફલાતુન બનાવ્યું



જેતલસર

ઘરમાંથી મોભી જ અકસ્માતે અનંતની વાત પકડી લ્યે ત્યારે જે તે પરિવારમાં સુન્યાવકાશ સર્જાઈ જતો હોય છે. પરિવારજનની આવી વસમી વિદાય પણ આજના એકદમ વ્યસ્ત જીવનમાં સમયાંતરે ભુલાઈ જતી હોય છે. સ્વજનનો ફોટો સુંદર હાર પહેરાવી ઘરે છબી સ્વરૂપે લગાડી દેવાતો હોય છે. આમ છતાં સ્વજનની યાદ ઘણા લોકો અમુક સમયે વિસરી જતા હોય છે. ત્યારે પોતાના પિતાની યાદ કાયમી સામે જ રહે અને તે કદી નાં ભૂલાય તે માટે જેતલસર પંથકના ડેડરવા ગામના ખુબ ઓછું ભણેલાં એટલેકે ધોરણ ૧૦ નાપાસ એવા કિશોરે પિતાના વાહન અકસ્માતમાં ભાંગીને ભૂકો થયેલા બાઈકને કોઈ પણની મદદ લીધા વગર. પોતાના મીકેનીકલ માઈન્ડનો ઉપયોગ કરી અફલાતુન બનાવી પરિવારજનો સામે રાખી દેતા જાણકારો અચરજ પામ્યા હતા.

બન્યું એવું કે, જેતલસર પંથકના ડેડરવા ગામના અનિલભાઈ બોરીસાણીયા નામના આધેડનું જુનાગઢ જતી વખતે ૧૯-૦૬-૨૦૧૭ ના રોજ અકસ્માતમાં કરુણ મૃત્યુ થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે અનિલભાઈનું બાઈક ભાંગીને ભૂકો થઈ ગયું હતું. વરિયા પ્રજાપતિ જ્ઞાતિના આ આધેડની મૃત્યુ પછીની તમામ ક્રિઆઓ પાર પડાયા બાદ બે પુત્રો કિશન અને રાજ કાયમી ગુમસુમ રહેતા હતા. અકસ્માત સ્થળેથી પોલીસ કાર્યવાહી બાદ કિશન અને રાજ પિતાનું બાઈક કોથળામાં ભરીને પોતાના ઘરે લાવ્યા હતા.

થોડા દિવસ તો અનિલભાઈનું આ અકસ્માતગ્રસ્ત બાઈક જોઈને જ પરિવારજનો રડતા હતા, દુ:ખ વ્યક્ત કરતા હતા. પણ કૈક કરવાની તમન્ના રાખતો નાનો પુત્ર રાજ વિચારે ચડી જો પાપાનું બાઈક સમું, રીપેર કરી પાછું પહેલા જેવું જ બનાવીએ તો પરિવારજનોની સામે જ કાયમી પિતાની યાદ જળવાઈ રહે તેવા હેતુથી પોતાનું મીકેનીકલ માઈન્ડ ભાંગીને ભૂકો થઈ ગયેલા બાઈક પાછળ લગાડી, રાત દિવસ જ્યારે સમય મળે ત્યારે રીપેર કરવાનું કામ હાથ પર લઈને તેમના પપ્પા અનિલભાઈ મગન ભાઈ બોરીસાણીયાનું બાઈક પહેલા જેવું જ અફલાતુન બનાવી પરિવારજનો સમક્ષ મૂકી દેતા, આ બાઈક જોઈને સદગત ઘરના મોભીની સતત યાદ જળવાઈ રહી છે. આ માટે રાજ અનીલ પ્રજાપતિ નામનો કિશોર હાલ પરિવાર ઉપરાંત સગાવહાલાઓમાં પપ્પાના બાઈકને ફરી દોડતું કરવા બદલ અભિનંદન પાયો છે.

નાનકડા એવા ડેડરવા ગામે રાજ નામના કીશોરે તેમના પાપાની યાદમાં એક ફિલ્મનું ગીત "ચંદા ને પૂછા તારો સે, તારો ને પૂછા સિતારો સે, સબ સે પ્યારા કૌ..ન ? પા..પા..મેરે પાપા" સાબિત કર્યું હોવાનું કહેવું ઉચિત જણાય છે.

**કુલદીપ જોશી**

## આત્મચિંતન

## ઉપાસના શુ છે ? પ્રભાવી ઉપાસના કેવી રીતે કરી શકાય ?

ઈષ્ટદેવની પાસે બેસીને તેમના પ્રત્યે શ્રદ્ધા અને આત્મીયતાનો ભાવ કરવો જોઈએ. ઈષ્ટમંત્ર અથવા ગાયત્રીમંત્રનો જપ કરવો જોઈએ. ગાયત્રીમંત્ર એટલા માટે કે, તે મંત્ર દરેક દેવી દેવતાઓ માટે જપી શકાય છે. તેથી તમારા જે પણ ઈષ્ટદેવ હોય, તેમની મહિમાના વખાણ કરવા માટે ગાયત્રી મંત્ર ચોક્કસ બોલી શકાય. ગાયત્રીના સિદ્ધ સાધક વેદમૂર્તિ શ્રીરામ શર્મા આચાર્યજીના કથન મુજબ "ગાયત્રી મંત્ર વિશ્વનો સૌથી નાનો પરંતુ સારગર્ભિત મંત્ર છે" તેનો ટૂંકમાં અર્થ એવો થાય છે કે, "પરમાત્મા અમારી સદબુદ્ધિને સન્માર્ગ પર પ્રેરિત કરે."

જપ કરવા માટે નિયમોનું ધ્યાન રાખીએ. મનને એકાગ્ર કરીને ધીમા ધીમા ઉચ્ચારમાં મંત્ર સુસ્પષ્ટપણે કરવો જોઈએ. જપ કરતાં કરતાં એવો ભાવ કરવો જોઈએ કે, "હે પ્રભુ હું તમારી શરણમાં છું" અથવા હું આપનો અંશ છું." જ્યારે પણ મન અહીં તહીં ભટકે કે તરત જ મંત્રના ભાવનું સ્મરણ કરવું જોઈએ અને અર્થ પ્રમાણે ધ્યાન અને ભાવ કરવો જોઈએ. જ્યારે ઉપાસના પદ્ધતિ સારી રીતે અભ્યાસમાં આવે છે ત્યારે ઉપાસકના સ્વભાવ અને સંસ્કાર સુધરવા લાગે છે. વાણીમાં, ચિંતનમાં, વ્યક્તિત્વમાં શ્રેષ્ઠતા અને તેજસ્વિતા આવવા લાગે છે. આમ ઉપાસના પ્રભાવશાળી બને છે અને સાર્થક પણ થાય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

### માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

આ બધાયના એક માત્ર આધાર સ્વરૂપ આત્મતત્વને માણસ ભુલી ગયો છે.

મનનું સર્જન થવા પાછળનું કારણ, મનુષ્ય મનુષ્ય વગેરે વિચારો, લાગણીઓ, ઈચ્છાઓ વગેરેનું આદાન પ્રદાન કરવા માટે હતું. તેનો એક સાધન તરીકે ઉપયોગ થયા પછી તેને બાજુમાં મુકી દેવાનું હતું પરંતુ મનુષ્યે પોતે, જેનું સર્જન કર્યુ હતું.તેણે એવી માયાજાળ બનાવી કે મનુષ્ય તેમાં ફસાઈ ગયો. તેમાં ઓતપ્રોત થઈ ગયો. તેની સાથે એકરૂપ થઈ ગયો અને તે પોતે માત્ર 'મન' જ છે તેમ માનવા લાગ્યો. મન સતત ગતીશીલ છે અને ગતિ માત્ર બે અસમાન ધ્રુવો વચ્ચે શકય છે.સમાનતાઓ વચ્ચે ગતિ શકય નથી.વાસ્તવમાં દુઃખનું કોઈ અસ્તિત્વ જ નથી. બાહ્ય વિશ્વ કે અંતઃ વિશ્વમાં કયાંય દુઃખ જેવી ચીજ વાસ્તવિક રીતે સંભવી શકે નહીં. દુઃખ એ તો કોઈપણ બાહ્ય વસ્તુ, વ્યક્તિ કે પરીસ્થિતિ અંગે 'મન' એ નક્કી કરેલી નકારાત્મક પ્રતિક્રિયા માત્ર છે અને તેવું જ અંતઃ વિશ્વ માટે પણ હોય છે. પરીસ્થિતિ હંમેશા જેવી હોય છે તેવી જ હોય છે પરંતુ મન દ્વારા તેને નકારાત્મક દ્રષ્ટીથી ભયસુચક અને દુઃખદ રૂપે જોવાય કે અનુભવાય છે તે મનની પ્રતિક્રિયા માત્ર છે.

ઉદાહરણ રૂપે કોઈ વ્યક્તિ આપણા માટે ખરાબ શબ્દો વાપરે કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરે તો આપણે તરત જ દુઃખી થઈ જઈએ છીએ અહીં દુઃખ માટે શબ્દો કે તેના અવાજો જવાબદાર નથી. હવે ધારો કે આ જ શબ્દો કે વાકયોનો પ્રયોગ તમારી નજર સમક્ષ તમે ન જાણતા હો તેવી ભાષામાં કરવામાં આવે તો તમે તેના પ્રતિ જરા સરખું પણ દુઃખ વ્યકત કરતા નથી ! વાસ્તવમાં બંને કિસ્સામાં વપરાયેલી ભાષાનો અર્થ એક જ હોય છે છતાં આપણી સમજની ભાષામાં બોલાતા જ તે દુઃખ પેદા કરે છે. ભાષા, શબ્દો એ અવાજના તરંગો સિવાય કંઈ જ નથી...!

અવાજના તરંગો આપણને કઈ રીતે દુઃખી કરી શકે ? પરંતુ અહીં મન પુર્વગ્રહીત છે. તે બાહ્ય વાતાવરણની ખાસ સંવેદનાઓને સુખદ કે દુઃખદ એવા બે વિભાગોમાં વહેંચી નાખે છે અને તેને અનુરૂપ પ્રતિક્રીયા કરે છે. ધ રીકેટીવ માઈન્ડ પ્રતિક્રિયાત્મક મન સુખ દુઃખ માટે જવાબદાર છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

### મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

મહામારી મહારોગો પાછળ સ્વાદનો વાહક જીભ જવાબદાર છે. જીવન દેવતાની સાધનામાં સ્વાદનો સંયમ કરવો જોઈએ. જીભનો બીજો ઉપયોગ વાણી છે. જીભ દ્વારા બોલાતી વાણી કોઈને મારી પણ શકે છે અને તારી પણ શકે છે. વાણી દ્વારા આપણે કેટલીક વખત કટુવચનો બોલી બીજાના હૃદયને ઠેસ પહોંચાડીએ છીએ. ઘણી વખત આપણાં અપશબ્દોથી માણસ જીંદગી હારી જતો હોય છે. અપમૃત્યુ કે આપઘાતના બનાવ પાછળ મહદ અંશે વાણી એટલે કે શબ્દો જ જવાબદાર હોય છે. વાણી હારેલા માણસને બેઠો કરવાની નિરાશ માણસને ચેતનવંતો કરવાની તાકાત ધરાવે છે. આમ સુખ મેળવવા માટે વાણીનો, જીભનો સંયમ જરૂરી છે. કોઈના દ્વારા બોલાયેલા શબ્દો આપણને આઘાત પમાડે છે એવી જ રીતે માણસને પણ આઘાત પમાડે છે. બોલ્યા પછી મન બેચેન, અશાંત બને છે, ગુસ્સાનો, અકળામણના આવેગો આવે છે.જેની સીધી અસર શરીર પર થાય છે. ઉંઘ હરામ બની જાય છે અને પુરતી ઉંઘના અભાવે શરીર સુસ્તી અનુભવે છે. જેની અસર આપણા આરોગ્ય પર પડયા વગર રહેતી નથી. માટે જ સુખી થવા માટે જીભનો સંયમ ખુબ જરૂરી છે.

જે દરરોજ ધનની હાની કરી પોતે તો બરબાદ થાય છે પણ પોતાના કુટુંબોને પણ બરબાદ કરે છે. ભગવાને મનુષ્યને આપેલ કામશક્તિ રૂપ જીવની શક્તિને ન સમજનાર મનુષ્ય પોતાના જીવનસુખને નષ્ટ કરે છે. દુઃખના કારણોમાં આ ઈન્દ્રિયોનો અસંયમ પણ જવાબદાર છે. સાચા અર્થમાં સુખી થવા માટે આ ઈન્દ્રિયો પરનો સંયમ અતિ આવશ્યક છે. આ વિશ્વના મોટા ભાગના મહાપુરૂષો, સંતોએ આ બે ઈન્દ્રિય પર વિજય મેળવી, કાબુ મેળવી સફળતા હાંસલ કરી છે. સાચા અર્થમાં સુખી બન્યા છે.

**મંજુ પ્રજાપતિ**

### સ્ટ્રેસ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

૪. શેડ્યૂલ બનાવો- તમારા અભ્યાસો માટે શેડ્યૂલ બનાવો જો તમે વ્યવસ્થિત રીતે અભ્યાસ કરશો તો તણાવ ઓછુ થશે અને આ તમારા અભ્યાસને વધુ સારું બનાવશે.

૫. રીવીજન કરવી -ઘણીવાર બાળકો બધુ ભૂલી જવાનો ડર હોય છે. તેનાથી બચવા માટે વચ્ચે- વચ્ચે જોની યાદ કરેલી વસ્તુઓને રીવીજન પણ કરતા રહો. વારંવારના રીવીજનથી તમારામાં કાંફિડેંસ આવે છે અને પરીક્ષામાં ભૂલી જવાનું ભય પણ ઓછું હોય છે.

૬. પેપર પેટર્નને સમજવું- પેપરમાં તમને કોઈ રીતના કંફ્યૂજન ન હોય તેના માટે પેપર પેટર્નને સાલ્વ કરો. તેનાથી ફાઈનલ પરીક્ષામાં તમને, કોઈ ગભરાટ નહીં રહેશે અને તણાવ ઓછો થશે.

૭. હેલ્દી ડાઈટ- પેપરના દિવસોમાં બાળકોની ખાસ કાળજીની જરૂર હોય છે. તેથી, પરીક્ષાના સમયમાં બાળકોની ડાઈટમાં હેલ્દી વસ્તુ જેમ કે ડ્રાઈ ફ્રૂટસ, દહીં,ફળો, શાકભાજી અને દાળો શામેલ કરો. એ તેમના મગજને પેપરમાં બમણુ ચાલશે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ................................................

### લાખણીના...

**પાના નં.૧ ચાલુ**

આ અંગે લાખણીના મામલતદાર ડીસી પરમારે થરાદ પોલીસ મથકમાં ધી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩,૭ તથા ઈપીકો કલમ ૪૦૬, ૪૦૯ મુજબ જથ્થો સરકાર તરફથી રેશનકાર્ડધારકોને આપવાને બદલે અન્યને વેચાણ કરી સગેવગે કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાવી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમે તપાસ હાથ ધરી તે વખતે લાખણી તાલુકા ઠાકોર સેનાના પ્રમુખ તેમજ સસ્તા અનાજની દુકાનના સંચાલક દારૂ પીધેલા પણ ઝડપાઈ જવા પામ્યા હતા.

### રાજયના પવિત્ર ...

**પાના નં.૧ ચાલુ**

સમુદાય ઉપસ્થિત રહ્યો હતો. શ્રી એમ.એન.કોલેજના મુખ્ય લાભાર્થી શ્રી દિલીપભાઈ લખીનું મુખ્યમંત્રીશ્રીએ પરિજનો સાથે સન્માન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જૈન સંગીતના ચુંનદા કલાકારો અને ગાયકોનું આ પ્રસંગે સન્માનપત્ર આપી અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર, પરમ પૂજય આચાર્ય શ્રી કુલચંદ્ર સૂરીશ્વરજી (કે.સી.મહારાજ) સંગઠનના જિલ્લા પ્રમુખશ્રી મોહનભાઈ પટેલ, મયંક નાયક, પૂર્વ ધારાસભ્યશ્રી નાગરજી ઠાકોર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ર્ડા.બી.એ.પ્રજાપતિ, પાટણ કલેકટરશ્રી આનંદ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### થરાદ પંથકમાં...

**પાના નં.૧ ચાલુ**

અજમાના પાકને ભારે નુકસાન થાય તેવી દહેશત ખેડૂતોમાં ઉઠવા પામી હતી.જ્યારે વરસાદી માહોલ સર્જાતાં રખેને વરસાદ આવે તો માર્કેટમાં રહેલો માલ પલળી જવાની દહેશતથી થરાદ,રાહ તથા પીલુડા માર્કેટયાર્ડના વહેપારીઓમાં પણ ભારે દોડધામ મચવા પામી હતી.

### વડગામના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યાંના પ્રગતિશીલ ખેડૂતો તેમના ખેતરે દોડી આવ્યા હતા. એ વખતે તેમને રૂપિયા ૨૫૦૦૦નું રોકડ ઈનામ મેળવ્યું હતું. ઘઉંમાં પ્રથમ આવ્યા પછી તેમને એમ લાગ્યું કે, રાસાયણિક ખાતરોનો ઉપયોગથી આટલું બધું ઉત્પાદન તો લીધું પરંતુ ખરેખર લોકોને રાસાયણિક ખાતરોવાળા ઘઉં ખવરાવવા કેટલા યોગ્ય ? આવી તેમણે વર્ષ ૧૯૯૬ થી સજીવ ખેતી કરવાનો સંકલ્પ લીધો. તેમની પોતાની ૩૫ વીઘા જમીનમાં સજીવ ખેતી સાથે અન્ય ૪૦ વીઘાગીરો અને ભાડાની મળીને કુલ ૭૫ વીઘા જમીનમાં ડ્રિપ ઈરિગેશન, સ્પેકબર સાથે ખેતી કરી સારામાં સારી આવક લઈ રહ્યા છે, ચોમાસે મગફળી રવી સિઝનમાં બટાકા અને ઘઉં ઉનાળામાં બાજરીનું વાવેતર કરી સારી આવક લઈ રહ્યાં છે.

આ વર્ષે ઘઉંનું જુદા જુદા બિયારણનું વાવેતર કરી વીઘા દીઠ ૧૦૦ મણનું ઉત્પાદન લીધું છે. સજીવ ખેતી કરી આર્ગેનિક ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન પ્રાપ્ત કર્યું છે. રસાયણના ખાતર દવા વગર સજીવ ખેતી કરવામાં આવી રહી છે. ૧૯૯૫ માં પ્રથમ નંબર મેળવી ૧૫/૧૫ ફુટમાંથી ૨૯ કિલો ૬૫૦ ગ્રામનું વિક્રમજનક ઉત્પાદન મેળવી તેમણે વડગામ ગ્રામ પંચાયત ને ૨૫૦૦૦ નું ઈનામ અપાવ્યું હતું. ઉપરાંત આક્ષેત્રમાં અનેક એવોર્ડ, ઈનામો પ્રાપ્ત કરી બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

### થરાદમાં આરએસએસનું ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

વિધાલયથી પથ સંચલનનો પ્રારંભ કરાયો હતો. જે શહેરમાં મુખ્ય બજાર,ટેલિફોન એક્સચેંજ, સ્વામીવિવેકાનંદ ચોક,આશાપુરા વિસ્તાર સહિતના વિવિધ રાજમાર્ગો પર થઈ ગાયત્રીવિધાલય ખાતે પૂર્ણ કરાયું હતું. તે પુર્વે નગરજનો તથા વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા ઠેરઠેર ભગવા ધ્વજનું ફુલચોખાથી ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંઘના રાધનપુર જિલ્લા કાર્યવાહ દશરથભાઈ ઠક્કર, કાશીરામભાઈ પુરોહિત સહિત સંઘસંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લામાં ઘઉં,..

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તૈયાર ન હતા તે આ વખતે ઘાસચારાની તંત્રીના કારણે ખુબ માંગ જોવા મળી રહી છે જેથી ઘઉંના પાકનું સુકોઘાસના ભાવ ૧૪૦ રૂપિયા પ્રતિમણ બોલાઈ રહ્યા છે. ઉપરાંત રાજગરા અને રાયડાના પાકનો સુકો ઘાસ પણ ભાવ ઉચા જોવા મળી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં સુકા ઘાસચારાની તીવ્ર તંગીના કારણે પશુઓના ભાવ પણ ઘટાડો થયો છે જેથી આ વર્ષે પશુપાલકો ભાર ખુબ મુશ્કેલીઓ ભર્યુ નિવડ્યું છે.

### આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તેમની અંદર રોગ અને કેંસર હોવાનો ખતરો પણ ૩૩ ટકા ઓછો હતો.

૨. કેંસર સામે લડે - લીલી શાકભાજીઓમાં ઘણા બધા ગુણ હોય છે જે શરીરને ખૂબ મજબૂત બનાવી દે છે. તેમા વિટામિન સી પણ હોય છે જે શરીરને કેંસર જેવી ઘાતક બીમારી થવાથી પણ લડવાની ક્ષમતા પ્રદાન કરે છે.

૩. બીપી ઓછુ કરે - જે લોકોને હાઈ બ્લડપ્રેશરની સમસ્યા રહે છે તેઓ લીલી શાકભાજીનુ સેવન નિયમિત રૂપે કરે. તેનાથી તેમને ખૂબ આરામ મળશે

૪. લોહી વધારે - શરીરમાં લોહીની કમી થતા પાલક જેવી લીલી શાકભાજી ખૂબ ફાયદો કરે છે. તેનાથી શરીરમાં આયરન વધે છે અને ભરપૂર પ્રમાણમાં લોહી બને છે. સાથે જ શાકભાજીમાં મેગ્નેશિયમ હોય છે જેનાથી બીપી પણ નિયંત્રણમાં રહે છે.

૫. મોતિયાબિંદ થવાથી બચાવે - એક વય પહેલા જ મોતિયાબિંદની સમસ્યા અનેક લોકોમાં થઈ જાય છે. પણ જો તમે નિયમિત રૂપે લીલી શાકભાજીનું સેવન કરી રહ્યા છો તો આ બીમારીનો સામનો જલ્દી નહી કરવો પડે. લીલી શાકભાજીઓમાં વિટામીન સી હોય છે જેનાથી આંખોમાં મોતિયાબિંદની સમસ્યા થતી નથી. સ્પ્રાઉટ પણ આ મામલે ખૂબ લાભકારી છે.

૬. યોગ્ય કોલેસ્ટ્રોલ બનાવે - એવોકૈડો જેવા ફળ પણ ખૂબ લાભકારી હોય છે. તેમા વસા ન બરાબર હોય છે. જેનાથી શરીરમાં કોલેસ્ટ્રોલ વધતુ નથી અને શરીર ફિટ રહે છે.

૭. બ્લડ લિપિડ લેવલને ઓછુ કરે - એડામામે એક રીત લીલી અપરિપક્વ સોયાબીન હોય છે જે પ્રોટીનથી ભરપૂર હોય છે. તેનુ સેવન કરવાથી શરીરમાં વિટામિન એ કેલ્શિયમ અને આયરનની માત્રા ખૂબ સારી રહે છે. તેનાથી શરીરમાં ફૈટ વધતુ નથી અને બ્લડ લિપિડ લેવલ પણ મેંટેન રહે છે. કોરિયા, જાપાન અને હવાઈમા તેને સ્નૈકના રૂપમા ખાવામા આવે છે.

૮. ઍંટીઑક્સીડેંટથી પ્રતિરોધક ક્ષમતા વધે છે. લીલી શાકભાજી અને ફળોમાં ઍંટીઓક્સીડેંટની માત્રા ખૂબ હોય છે. તેનાથી શરીરની પ્રતિરોધક ક્ષમતા વધી જાય છે. સાથે જ તેમા જીવાણુરોધી ગુણ પણ હોય છે.

## સવારના નાશતામાં ખાશો આ વસ્તુ તો બચી જશે ડાયબિટીજથી

ડાયબિટીજ-૨ના ખતરાથી બચવુ રહેવા માટે નાશ્તામાં દળિયાના સેવન જરૂર કરો. એક અભ્યાસ પ્રમાણે દરરોજ ફાઈબરથી ભરર્પૂ ભોજન ખાસ કરીને દલિયાના સેવન કરવાથી ડાયબિટીજ-૨ થવાના ખતરા પાંચ ગણા ઓછા થઈ જાય છે.

દરરોજ ૨૬ ગ્રામ ફાઈબર ગ્રહણ કરવાથી ડાયબિટીજ-૨ના ખતરાઅ ૧૮ ટકા ઓછા થઈ જાય છે. એના માટે શોધકર્તાઓ જણાવે છે કે દલિયા અને બ્રાઉન ચોખા ખાવા સારા રહે છે.

એલ વાટકી કૉર્નફ્લેક્સ ૦.૩ ગ્રામ અનાજ અને ફળોના મિશ્રણથી ત્રણ અને સફેદ બ્રેડની બે સ્લાઈસથી માત્ર ૧.૩ ગ્રામ ફાઈબર મળે છે એ દલિયા શરીરને ૩-૪ ગ્રામ ફાઈબરની માત્રા આપે છે.

રક્ત પર પણ રાખે છે નિયંત્રણ

ફાઈબરથી ભરપૂર નાશતાના સેવન ડાયબિટીજના ખતરા ઓછા કરે છે પણ ઉચ્ચ રક્તચાપ પર નિયંત્રણ , વજન ઓછા કરવા અને કેંસ અર માટે પણ જવાબદાર અણુઓને પણ શરીરથી બહાર કાઢે છે.

## તંદુરસ્તી જાળવી રાખવા ભોજનમાં કાજુને સ્થાન આપો

મેવામાં ખાસ કરીને કાજુને દુનિયાનો સૌથી સ્વાસ્થ્યપ્રદ ભોજનના રૂપમાં ગણવામાં આવે છે. કાજુ પ્રોટીન, વિટામિન, ખનિજ અને ઍંટીનો ખૂબ જ સારામાં સારો સ્ત્રોત છે. કાજુના અદ્ભુત સ્વાસ્થ્ય લાભ છે અને તેને એક નિશ્ચિત માત્રામાં દરરોજ ખાવા જોઈએ. ડોક્ટરોના જણાવ્યા મુજબ, કાજુ વ્યક્તિના હૃદય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે.આનું પર્યાપ્ત કારણ છે કે કાજુ નેચરલી કોલેસ્ટ્રોલ ફ્રી હોય છે, પરંતુ હેલ્ધી હાર્ટ ફેટ્સ, ફાઈબર, પ્રોટીન અને આર્જીનિસથી પરિપૂર્ણ હોય છે જે તમારા ધમનીની દીવાલોની અંદરની બાજુની રક્ષા કરે છે. કાજુ કેલ્શિયમ, મેગ્નિશીયમ અને પોટેશિયમથી ભરપુર હોય છે, જે હાડકા વિખનિજીકરણથી તમારા શરીરની રક્ષા કરે છે. કાજુમાં વિટામિન કે હોય છે, જે હાડકાના સ્વાસ્થ્ય અને પ્રતિરક્ષા માટે સારુ ગણવામાં આવે છે. આ ઉપરાંત કાજુ આંખો માટે પણ સારા ગણવામાં આવે છે. કાજુમાં લ્યુટેન અને જિયાએક્સાંથિન (ઍંટીઓક્સીડેંટ) સારી માત્રામાં મળી આવે છે, જે આંખોમાં આવતા અંધાપાથી દૂર રાખે છે. આ ઉપરાંત જે વ્યક્તિને મોતિયો લાગુ પડયો છે તે જો કાજુ નિયમિત માત્રામાં ખાય તો તે મોતિયો પણ દૂર થઈ શકે છે. જ્યારે કાજુ લોહી માટે પણ એટલા જ ગુણકારક છે.

કાજુમાં ઘણી માત્રામાં કોપર મળી આવે છે જે લોહીથી થતા રોગો સામે લડવામાં ફાયદાકારક સાબિત થાય છે. કોપરની ઉણપથી આયરનની ઉણપ જેવા એનીમિયા જેવા રોગ થાય છે અને કાજુમાં રહેલ કોપરની મદદથી તે દૂર થઈ શકે છે.

## કસરત નહી કરો તો પણ આ વસ્તુઓથી ઓછુ થશે વજન

બાળકોથી લઈને મોટેરાઓ સુધી જાડાપણાની સમસ્યા સામાન્ય જોવા મળે છે. તેની પાછળ અનેક કારણ અને આદત હોય છે. વજન ઓછુ કરવા માટે સૌ પહેલા આપણી ખાવા-પીવાની અને નિયમિત વ્યાયામ કરો. તેનાથી શરીરમાં જમા ચરબી ઓછી થાય છે. આજે અમે તમને જાડાપણાથી છુટકારો મેળવવા માટે કેટલાક ઘરેલુ ઉપાય બતાવવા જઈ રહ્યા છે.

૧. રાત્રે સૂતા પહેલા ૧૫ ગ્રામ ત્રિફળા ચૂરણ ગરમ પાણીમાં પલાળીને મુકી દો. સવારે આ પાણીને ગાળીને મધ મિક્સ કરીને પીવો. તેનાથી જાડાપણું જલ્દી દૂર થશે.

૨. તુલસીના પાનને વાટીને દહી સાથે સેવન કરો. તેનાથી શરીરમાં વધુ ચરબી બનતી ઘટી જસે. આ ઉપરાંત તુલસીના પાનનો રસને પાણી સાથે મિક્સ કરીને પીવો.

૩. ગિલોય અને ત્રિફળાને વાટીને ચૂરણ બનાવી લો અને સવાર-સાંજ મધ સાથે ખાવાથી જાડાપણું ઓછુ થાય છે.

૪. બટાકાને ઉકાળીને ગરમ રેતીમાં સેંકીને ખાવાથી જાડાપણાથી મુક્તિ મળી શકે છે. આ ઉપરાંત કુલ્થીની દાળનુ રોજ સેવન કરવાથી ચરબી ઓછી થાય છે.

૫. પાલકનો રસ અને ગાજરનો રસ મિક્સ કરીને પીવો. આ ઉપરાંત પાલકનો રસ અને લીંબૂનો રસ મિક્સ કરીને પીવો. તેનાથી જાડાપણુ ઓછુ થશે.

૬. અનાનસ શરીરમાં રહેલ ચરબીને ઓછી કરે છે. તેથી રોજ અનાનસનુ સેવન કરો.

૭. પિપલના એક કે બે દાણા દૂધમાં ઉકાળી લો અને દૂધમાંથી પિપ્પલી કાઢીને ખાઈ લો.

૮. રોજ દહીંનું સેવન કરો. આ ઉપરાંત છાશમાં સંચળ અને અજમો નાખીને પીવાથી જાડાપણુ ઓછુ થાય છે.

## સંબંધો કરતાં સ્માર્ટફોનને વધારે પ્રેમ કરે છે ભારતીઓ : અભ્યાસ

હેરાત આવી છે. ટેકનોલોજીની પકડ એટલી તીવ્ર બની ગઈ છે કે લોકોએ માનવ સંબંધોને ઓછું મહત્વ આપવાનું શરૂ કરી દિધું છે. આ રિપોર્ટ કહે છે કે લોકો વધુને વધુ લોકો તેમના ફોનથી વધારે પ્રેમ કરે છે.

લગભગ ૩૩% લોકો જેમાં યુવાનોની વસ્તી સૌથી વધુ છે, તે ડિજિટલ દુનિયામાં જન્મી છે. આ લોકો તેમના સ્માર્ટફોનને તેમના આસપાસના લોકો કરતાં વધુ મૂલ્ય આપે છે. આ અહેવાલમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ભારત આ કેસમાં ટોચ પર છે.

વાસ્તવમાં, એક અભ્યાસ થયો છે જેમાં આ વાત જાહેર કરવામાં આવી છે. આ અભ્યાસ હારવર્ડ યુનિવર્સિટીના નિષ્ણાત દ્વારા કરવામાં આવી છે જેમાં ૫૦% કરતા વધારે લોકોએ જણાવ્યું કે તેમના સ્માર્ટફોન તેમના બેસ્ટ ફ્રેન્ડ છે.

જો સ્માર્ટફોન અને જીવનને સંતુલિત કરવામાં આવે તો લોકો વિષેની માહિતી હોય તો ભારત ટોચ પર છે. આશરે ૬૪% ભારતીયો ઈચ્છે છે કે તેમના જીવન અને સ્માર્ટફોન્સના ઉપયોગ વચ્ચે સંતુલન લાવવા માંગે છે.

તે પણ આ અભ્યાસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્માર્ટફોન્સ તરફના વધતા વલણથી લોકોના સંબંધોમાં ખારાશ અને અંતર વધી રહ્યો છે. આશરે ૫૦% લોકો સ્વીકારે છે કે સવારમાં જાગે ત્યારે તેઓ સૌથી પહેલા તેમના ફોન તપાસે છે. આ કેસમાં ભારત અન્ય દેશોથી આગળ છે.

આશરે ૩૫% લોકો માનતા હતા કે તેઓ સ્માર્ટફોન સાથે ઘણો સમય પસાર કરે છે. આમાંથી લગભગ ૪૪% લોકો ૧૯૯૦ અને ૨૦૦૦ વચ્ચે જન્મેલા છે. ભારતીયો માને છે કે તે તેમના માટે ખૂબ જ સારૂં રહેશે કે તેનો સમય સ્માર્ટફોન સાથે ન્યૂનતમ રહે.

સ્ટડી પણ આ જ દર્શાવે છે કે જ્યારે લોકો તેમના સ્માર્ટફોનને ગુમાવે છે ત્યારે તેઓ ખુબ નારાજ થાય છે. સ્માર્ટફોન ન મળવાથી ગભરાઈ જાય છે અને જ્યારે તે ખોવાઈ જાય છે ત્યારે સ્માર્ટફોનથી આ ભાવનાત્મક સંપર્કને પણ ભારતમાં સૌથી વધુ મત મળ્યો છે.

### ડીસા પાસેથી...

**પાના નં.૮ ચાલુ**

નાયબ કલેકટર અને મામલતદારની ટીમે ડીસા - થરાદ હાઈવે પરથી વધુ સાત ડમ્પરો કુલ ૧૩ ડમ્પરો ડીસા નાયબકલેક્ટર કચેરી ખાતે લાવી આગળ કાર્યવાહી માટે ખાણ - ખનિજ વિભાગને જાણ કરાઈ છે. બનાસકાંઠામાં ડીસા પાસેથી પસાર થતી નદીમાંથી રેતીની તસ્કરી બાબતે અનેક વખત જિલ્લા ખાનખનિજ વિભાગને જાણ કરાઈ છે પરંતુ આ વિભાગના મેળાપીણાથી ચાલતી આ રેતીની તસ્કરી પકડવામાં નિષ્ક્રિય રહ્યું અને ર

પોતાના અંગત સ્વાર્થ ખાતર સરકરને વર્ષે દહાડે કરોડોનું નુકસાન કરવી રહ્યા છે ત્યારે હવે જિલ્લાના કલેકટરની રાહબરી હેઠળ આ રેતી તસ્કરી ઝડપવાની કાર્યવાહી થતા રેતી તસ્કરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

### ઓઢવા ગામે ૧૫...

**પાના નં.૮ ચાલુ**

અચાનક શોર્ટસર્કીટથી આગ લાગતા દુકાનમાં પડેલ સરસામાન આગમાં લપેટાઈ ગયો હતો.તેમજ દુકાનમાં બેઠેલા બે માસૂમ બાળકો પણ આગની લપેટમાં આવી ગયા હતા અને શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા.જેમને ૧૦૮ ની મદદથી પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે એક કિશોરને અમદાવાદ અને બીજાને ડીસા લઈ જવામાં આવ્યા હતા. જેમાં એક કિશોરનું થોડાક દિવસો અગાઉ સારવાર દરમિયાન મોત થયુ હતુ અને બીજા કિશોરનું પણ સારવાર દરમીયાન મોત થતા પરીવારમાં શોક છવાઈ ગયો હતો અને હાલમાં પોલીસે એફ.એસ.એલ.ની મદદ દ્વારા આગ ક્યાં કારણો સર લાગી હતી આગળની તપાસ દાંતીવાડા પોલીસે હાથ ધરી છે.

### ધાનેરા તાલુકો...

**પાના નં.૮ ચાલુ**

અને ધાનેરાના સરકારી દવાખાના સહીત તમામ દવાખાનાઓ પણ ઉભરાયેલા જોવા મળી રહ્યા છે અને આ સિઝનમાં વાયરલ ફિવર હોવાથી મોટા ભાગે સરદી, ખાંસી અને તાવના વધારે દર્દીઓ આવતા હોય છે ત્યારે બીજી તરફ ધાનેરાની રેફરલ હોસ્પીટલમાં માત્રને માત્ર એકજ ડોક્ટર હોવાના કારણે લોકોને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે જેના કારણે કેરલાક લોકોને પ્રાઈવેટ દવાખાને જાવુ પડે છે જયારે બીજી તરફ ગામડાઓમાં વગર ડિગ્રીના બની બેઠેલા ડોક્ટરો પણ લોકોને લુંટી રહ્યા છે અને હાઈ ડોઝની દવાઓ કરતાં બીજી અન્ય હોસ્પીટલમાં હાઈ ડોઝ સિવાય પણ દવાઓ કામ આવતી નથી. જેથી લોકોને હેરાન થવુ પડે છે તો આવા બની બેઠેલા ડોકટરો સામે આરોગ્ય વિભાગ દ્વારા પગલાં લેવાય તે પણ જરૂરી છે.

### પાકિસ્તાનના સીમાડે..

**પાના નં.૮ ચાલુ**

સુદ-૯ રામનવમીના દિવસે અહીંયા ભવ્ય લોકમેળો ભરાય છે. આ વર્ષે પણ તા.૨૪-૩-૧૮ ચૈત્ર સુદ ૮ અને તા.૨૫-૩-૧૮ ચૈત્ર સુદ ૯ રામનવમીના રોજ બે દિવસ દરમ્યાન મા નડેશ્વરી (વરૂડી) નો ૩૨ મો પાટોત્સવ મહોત્સવ યોજાશે. જેની તૈયારીના ભાગ રૂપે એક સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. જે પ્રસંગે તા.૨૪-૩-૧૮ ને શનિવારના રોજ એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રસંગે ગુજરાતના નામાંકિત કલાકારોમાં હરેશદાન સુરૂ મીતરાજ ગઢવી, મોરારદાન ગઢવી, દશરથદાન ગઢવી ઉપસ્થિત રહી ભક્તિરસની રમઝટ બોલાવશે. વિશેષમાં પાટોત્સવના દિવસે પ.પૂ.સ્વામી સચ્ચિદાનંદ બાપુ (દંતાલીવાળા) અને પ.પૂ.સ્વામી નિજાનંદજી બાપુ (ગોતરકાવાળા) ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. જો કે આ પાટોત્સવ પ્રસંગને દીપાવવા માટે દાનવીર અને દાતાઓએ દાનનો ધોધ વહાવી દીધો છે. જેમાં ભોજનદાતા તરીકે પરબતજી પથુજી રાજપુત (ભરડવા) મંડપ ડેકોરેશનના દાતા તરીકે થાનાજી માનાજી રાજપુત (ભરડવા નડેશ્વરી રોડલાઈન્સ) લોકડાયરા અને સાઉન્ડના દાતા તરીકે દુદાજી સવજીજી રાજપુત (ભરડવા) કંકોત્રી બેનરના દાતા તરીકે ડી.ડી.રાજપુત (થરાદ) તેમજ અખંડ જયોત ૧ વર્ષના દાતા તરીકે મા નડેશ્વરી વરૂડીના પરમ ભકત એવા થાંનાજી માંનાજી રાજપુત (ભરડવા) વાળા (નડેશ્વરી રોડલાઈન્સ થરાદ) વાળાએ સિંહફાળો આપ્યો છે. શ્રી નડેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્ર સુદ ૮ અને ચૈત્ર સુદ ૯ ના રોજ ભવ્ય ભાતીગળ લોકમેળાથી સરહદી સીમાડા પર આવેલું મા નડેશ્વરીનું ધામ ઝગમગી ઉઠશે.

## તાપ્સી અભિષેક બચ્ચન સાથે ફિલ્મ મળતા ખુબ આશાવાદી

મુંબઈ

અનુરાગ કશ્યપની નવી ફિલ્મમાં તાપ્સી, અભિષેક બચ્ચન અને વિકી નજરે પડનાર છે. આ સંબંધમાં નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. અભિષેક બચ્ચનની સાથે ફિલ્મ મળતા તાપ્સી ખુબ આશાવાદી છે. આનદ એલ રાયની આગામી ફિલ્મ મનમરજિયામાં બન્ને સાથે કામ કરી રહ્યા છે. આ એક ત્રિકોણીય પ્રેમ સ્ટોરી ફિલ્મ હોવાની માહિતી મળી રહી છે. ફિલ્મના કલાકારોમાં કેટલાક ફેરફાર કરવામાં આવી ચુક્યા છે. છેલ્લી ઘડીએ હવે અભિષેક બચ્ચનને પણ લેવામાં આવ્યો છે. છે. અનુરાગ કશ્યમની ફિલ્મ માટે નિર્દેશક તરીકે પસંદગી કરવામાં આવી છે. તાપ્સી અને વિકી કૌશલ ફિલ્મમા લીડ રોલમાં કામ કરી રહ્યા છે. લવ સ્ટોરીને આગળ વધારી દેવા માટે ફિલ્મની ટીમ બીજા અભિનેતા તરીકે અભિષેકની પસંદગી કરી ચુકી છે. ફિલ્મનુ શુટિંગ હવે હિમાચલ પ્રદેશમા શરૂ કરવામાં આવ્યુ છે. ફિલ્મની ટીમ હાલમાં લોકેશનને લઈને પણ આગળ વધી રહી છે. ફિલ્મનુ શુટિંગ સતત કરવામા આવી રહ્યુ છે. અને ફિલ્મને માર્ચના અંત સુધી પૂર્ણ કરી લેવામા આવનાર છે. આયુષમાન ખુરાના અને ભૂમિ સાથે એક કાર્યક્રમ વેળા આનંદ રાય દ્વારા આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મના નિર્માણ સાથે જોડાયેલા લોકોએ હજુ સુધી વધારે માહિતી આપી નથી. તાપ્સી છેલ્લે વરૂણ ધવનની ફિલ્મ જુડવા-૨ ફિલ્મમાં રજૂ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરી ગઈ હતી. ફિલ્મમાં તાપ્સીની સાથે જેક્લીનની પણ ભૂમિકા હતી. તાપ્સી નવી ફિલ્મને લઈને ભારે આશાવાદી છે. તેની બોલબાલા પિન્ક બાદ સતત વધી છે. આ ફિલ્મને લઈને પણ તાપ્સી તૈયારી શરૂ કરી ચુકી હોવાના હેવાલ મળ્યા છે.

# રાધનપુરમાં ગ્રીનપાર્ક સોસાયટીમાં ગટરના ગંદા પાણીનો નિકાલ કરવા રજુઆત

રાધનપુર

રાધનપુરમાં ગ્રીનપાર્ક વિસ્તારમાં બારે માસ ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા હોવાથી મચ્છરનો ઉપદ્રવ વધી જાય છે.ગટરના પાણી જાહેરમાં ભરાઈ રહેતા હોવાથી મકાનો અને મિલ્કતોને પણ નુકશાન થતું હોવાની પ્રાંત અધિકારીને ગ્રીનપાર્ક સોસાઈટીના રહીશો દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.અને ચોમાસા પહેલા ગટરના પાણીનો નિકાલ કરવા જણાવ્યું છે. કારણકે ચોમાસા દરમ્યાન ગ્રીનપાર્ક વિસ્તારમાં ચારેબાજુ વરસાદી પાણી ભરાઈ જતા આખો વિસ્તાર બેટ બની જાય છે.પાલિકા દ્વારા ગટર બનાવવામાં આવી છે,પરંતુ આ ગટરમાં પાણીનો કોઈ જ નિકાલ થતો ના હોવાનું પણ જણાવવામાં આવ્યું છે.

# પાટણના અનાવાડાના ગામે હત્યાનો એક આરોપી ઝડપાયો

પાટણ

પાટણ નજીકના અનાવાડા ગામે થોડા સમય પૂર્વે માતમભાઈ ભરવાડની હત્યાના ચકચારી કેસમાં નાસતા ફરતા આરોપીઓ પૈકી એક આરોપી લોધાભાઈ રાજાભાઈ ભરવાડની પાટણની એલસીબીએ ગત ગુરૂવારે ધરપકડ કરી હતી. જો કે આ અંગેની કાર્યવાહી પોલીસ દ્વારા ચાલી રહી હોવાથી આરોપીને હત્યાથી અને કયા સંજોગોમાં પકડવામાં આવ્યો તે અંગેની જાણકારી આપી ન હતી. માતમભાઈ ભરવાડની હત્યા કરનારાઓને ઝડપી પાડવા તેમના પરિવાર દ્વારા ડીએસપી સમક્ષ રજુઆત કરવામાં આવી છે તેની ઉચ્ચ સ્તરેની તપાસ ચાલી રહી છે.

# પાટણમાં પાલિકાની બેદરકારીથી પાઈપ લાઈનોમાં ૨૨ લીકેજ

પાટણ

પાટણ પાલિકાના વોટર વર્કસના તેમજ બાંધકામ શાખાના રોજમદારોની ચાલી રહેલી હડતાલના કારણે ગત બુધવારે પાટણ શહેરમાં ઠેરઠેર પાણીની પાઈપોના લીકેજની અસંખ્ય સમસ્યાઓ સર્જાઈ હતી, શહેરમાં ૨૨ જેટલા સ્થળોએ પાણીના લીકેજની ફરિયાદો પાટણ પાલિકામાં નોંધાઈ હતી, અસંખ્ય લીકેજોથી પાણીનો બગાડ થયો હતો. ઉત્તર ગુજરાતના અંતરિયાળ ગામોમાં પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. ત્યારે પાટણમાં પાણીનો મોટો વ્યય થયો છે, લીકેજની મોટી ઘટના પાટણમાં ચાણસ્મા હાઈવે પર બની છે. લીલીવાડી સામેની કેટલી સોસાયટીઓ ભોગ બની છે. નગરપાલિકાની બેદરકારીના કારણે હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. ગત મંગળવારે પાણીની પાઈપ લાઈન તૂટી જતાં રસ્તામાં ઘુંટણ સુધી પાણી ભરાયા હતા સોસાયટીના પ્રમુખ નાનક જીભાઈ પરમારે જણાવ્યું હતું કે ઘણા સમયથી પાણીની પાઈપો તૂટી જવાના બનાવો બની રહ્યા છે. અહીંથી ઈન્દ્રલોક સોસાયટી સામે ચોમાસા જેવો માહોલ જોવા મળે છે.

# રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાજીને ચૈત્ર નવરાત્રીનો અભિષેક કરાયો



રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે પૌરાણિક હિમજા માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે હિમજા માતાજીને અભિષેક કરવામાં આવ્યો હતો અને વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી.આ પ્રસંગે માતાજીને દૈદિપ્યમાન શૃંગાર કરવામાં આવ્યો હતો.દેવ ગામ તેમજ આજુ-બાજુના ગામોના ભાવિકોએ માતાજીના દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

# રાધનપુર તાલુકામાં એક દિવસીય કલસ્ટર કક્ષાની તાલીમ યોજાઈ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાજ્યના તમામ જિલ્લાઓમાં કલસ્ટર કક્ષાની એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ,જે અંતર્ગત પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના તમામ કલસ્ટરમાં સી.આર.સી. તાલીમનું આયોજન કરવામાં આવેલ, રાધનપુર તાલુકાના દેવ અને સિનાડ કલસ્ટરના સી.આર.સી.મધુસુદનભાઈએલ.જોશી દ્વારા સી.આર.સી.તાલીમનું આયોજન કરાયું હતું,જેમાં બાયસેગના માધ્યમથી વિવિધ વિષયના તજજ્ઞો દ્વારા તાલીમ વિષયવસ્તુ,અધ્યયન નિષ્પત્તિઓ,વિષયવસ્તુ ઉપર આધારિત પ્રવૃત્તિઓ,એસ.સી.ઈ.પત્રકોની ચર્ચા,ગણિત શિક્ષણ અંગે ચર્ચા,તેમજ આવનાર સમયમાં યોજાનાર ગુણોત્સવ વિશેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ઓફ ઈયરમાં સી.આર.સી. દ્વારા પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

# મહેસાણામાંથી દેહ વિક્રયના રેકેટમાં પિતા-પુત્ર ઝડપાયા

મહેસાણા

મહેસાણા બી.કે. સીનેમા પાસે આવેલા ઉર્વિ ફલેટમાં બી.ડિવીજનના પી.એસ.આઈ. ડાભાણીએ બાતમીના આધારે રેઈડ કરી હતી, તે દરમ્યાન ફલેટમાં રહેતાં રમેશ હસમુખ સોલંકી અને તેનો પુત્ર પ્રદિપ રમેશ સોલંકી ત્રણ રૂપલલના સાથે ઝડપાયા હતા. બંને પિતા-પુત્ર દેહ વિક્રયના ધંધા માટે બહારથી યુવતીઓને બોલાવીને પોતાના મકાનમાં અનૈતિક ધંધો ચલાવતો હોવાનો ખુલાસો થયો હતો.પોલીસ બંને પિતા-પુત્ર સાથે રૂપલલના (યુવતી)ઓની ધરપકડ કરી હતી. પકડાયેલી રૂપલલના પૈકી બે અમદાવાદની અને એક મહેસાણાની રહેવાસી હતી.

# એસ.ટી નિગમનો હકારાત્મક અભિગમ : કર્મીઓના ૧૦૧૬ પડતર કેસોનો નિકાલ કરાયો

(પ્રતિનિધિ) હિંમતનગર

ગુજરાત રાજય એસ.ટી નિગમનો હકારાત્મ અભિગમ દાખવી નાના કર્મચારીઓના ડિફોલ્ટ પડતર કેસોના નિવારણની ઝુંબેશ હાથ ધરી છે જે અંતર્ગત હિંમતનગર ડેપો ખાતે જિલ્લાના ૧૦૧૬ પડતર કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.



સતીશ ભટ્ટ

નિગમના મુખ્ય આંકડા અધિકારી શ્રી એમ.ટી.સૈયદ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે, એસ.ટી નિગમના એમ.ડી શ્રીમતી સોનલ મિશ્રાએ કર્મચારીઓના પડતર પ્રશ્નો પ્રત્યે હકારાત્મ અભિગમ દાખવાતા વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓના ડિફોલ્ટના પડતર કેસો ઝડપી નિકાલ કરવાની ઝુંબેશ ઉપાડતા રાજયભરમાં એક જ દિવસે ૧૫૪૪૬ પૈકી ૧૩૬૬૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે જેમાં સાબરકાંઠા જિલ્લાના ૧૦૧૬ કેસોનો સમાવેશ થાય છે.

સરકારના આ અભિગમથી કર્મચારીઓ અને તંત્ર વચ્ચે સુમેળભર્યુ વાતાવરણ ઉભુ થશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે કર્મચારીઓને કેસોના નિકાલ થયેલ હુકમનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં હિંમતનગર એસ.ટી વિભાગીય નિયામક એમ.ડી.શુક્લ, ડેપો મેનેજર શ્રીમતી બારોટ સહિત એસ.ટી યુનિયનના હોદ્દેદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બહુચરાજીના કોઠારપુરા ગામના લોકો નદીમાં વીરડા ગાળીને પાણીની તરસ છીપાવે છે

ચાણસ્મા

બેચરાજી તાલુકાના કોઠારપુરા ગામનો પીવાના પાણીનો બોર છેલ્લા ચાર-ચાર વર્ષથી ખારો થઈ ગયો છે. પરંતુ નઘરોળ સરકારી તંત્રને આ ગામમાં નવો બોર બનાવવું સૂઝતું નથી. પરિણામે આ ગામના લોકોને ઉનાળાના બળબળતા બપોરે રૂપેણ નદીના પટમાં વીરડા ગાળીને પીવાનું પાણી મેળવવા કવાયત કરવી પડે છે.



એકબાજુ રાજ્ય સરકાર એકપણ ગામ પીવાના પાણીથી વંચિત નહીં રહે તેવાં બમણાં ફૂંકી રહી છે. બીજીબાજુ તાલુકા મથક બેચરાજીથી માત્ર આઠ કિમી દૂર આવેલા કોઠરપુરા ગામમાં છેલ્લા ચાર-ચાર વર્ષથી પીવાના પાણીની સમસ્યા હોવા છતાં જાણ સુદ્ધા નથી. ગામમાં વીસેક વર્ષ પહેલાં બનાવેલો પાણીનો બોર ખારો થઈ ગયો છે અને સ્થાનિક ગ્રામજનો દ્વારા તંત્રમાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આ સમસ્યાના ઉકેલ માટે કોઈ પગલાં લેવાયાં નથી. ગામના માજી ઉપસરપંચ અગરાજી ઠાકોરે આક્રોશ ઠાલવતા જણાવ્યું કે, બોર ખારો થઈ ગયેલો હોવાથી પીવાના પાણીની સૌથી મોટી સમસ્યા છે. કેટલીયે વાર રજૂઆત કરી પણ કોઈ સાંભળતું નથી. ચૂંટણી આવે એટલે ભાજપ અને કોંગ્રેસવાળા વોટ માગવા આવે છે, એ સમયે તમારા ગામમાં બોર મંજૂર કરાવી દઈશું તેવું આશ્વાસન આપીને જાય છે. પરંતુ ચુંટણી પૂરી થયા પછી કોઈ નેતા ગામમાં ડોકાતો નથી.

ગામની મહિલા ગૌરીબેન ઠાકોરે જણાવ્યું કે, સવારે વહેલા ઉઠીને પહેલાં પીવાના પાણીની ચિંતા રહે છે. ખેતર મજૂરીકામ જઈને આવીએ એવો રાંધતા પહેલાં પાણી ભરવા દોડવું પડે છે. રૂપેણ નદીમાં વીરડા ગાળ્યા છે, તેમાંથી વાટકે વાટકે ભરીએ ત્યારે કલાકે એક બેડું ભરાય છે. સરકાર અમારી સામે જોવે તો સારૂ નિસાસો નાખતા જણાવ્યું હતુ.

# નાયતવાડા ખાતે વીજ કરંટથી અવસાન પામેલા વારસદારને રૂ. ચારલાખની સહાય ચુકવાઈ

પાટણ.

શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર ઠાકોરે આજરોજ નાયતવાડા ખાતે ગત ચોમાસામાં ભારે વરસાદના કારણે તારીખ ૨૨.૦૭.૧૭ નારોજ નાયતવાડા ખાતે વીજળીના થાંભલામાંથી વીજ કરંટ લાગતાંરમેશભાઈ માધાભાઈ ઠાકોરનું સ્થળ પર મૃત્યુ થતાં તેમનાં ધર્મપત્ની ભાનુબેન ઠાકોરને રૂ. ચાર લાખનો ચેક એનાયત કર્યો હતો.



આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ દુઃખની લાગણી સાથે જણાવ્યું હતું કે, આવા આકસ્મિક મૃત્યુ થાય ત્યારે રાજય સરકાર ખુબસહાયની લાગણી દાખવતી હોય છે ત્યારે મહેસૂલ વિભાગની કુદરતીઆપત્તિ વિભાગ દ્વારા તાલુકા પંચાયત, રાધનપુર દ્વારા આ ચેક આપવામાં આવ્યો છે. જે ઘણા ટૂંકાગાળામાં આ મદદરૂપ થવા બદલ વહીવટીતંત્રનો આભાર માની સમાજના તેમજ ગ્રામજનોને સહાય થવા માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કેશુભા પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે સંગઠનના પોપટજી ઠાકોર, સુરેશભાઈ, નાયબ ડી.ડી.ઓ.ચૌહાણ, મામલતદાર એ.ટી.રાઠી, તાલુકા વિકાસ અધિકારી આર.એચ. ચૌધરી, તેમજ સંગઠનના હોદ્દેદારો, સરપંચ રબારી જયોત્સનાબેન તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

# જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર પી.સ્વરૂપની અધ્યક્ષતામાં મળી હતી. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ઈડરના ધારાસભ્ય હિતુ કનોડીયાએ ઈડર અને વડાલી તાલુકાના ખેડૂતોને જમીન રી-સર્વેમાં પડતી મુશ્કેલીઓ, ઈડર શહેરમાં સૂચિત બાયપાસની કામગીરી ક્યાં તબક્કામાં છે, તેમજ ઈડરના વધુ વસતી ધરાવતા ગામોમાં જનસેવા કેન્દ્ર ઉભા કરવા ઉપરાંત ઈડરીયા ગઢ બચાવવા કાર્યવાહીમાં સઘન પગલા લેવા સહીતના પ્રશ્નો રજૂ કર્યા હતા જેના નિરાકરણ માટે કલેકટર દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત આગામી ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા ન ઉભી થાય તે અંગે તકેદારી અને આગામી માસ દરમિયાન જિલ્લાની શાળાઓમાં યોજાનાર ગુણોત્સવની તૈયારી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

તેમજ બાકી પેશન કેસો,ઓનલાઇન ફરિયાદોનો નિકાલ કરી ડેટા એન્ટ્રી સમયસર કરવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ, જિલ્લાજિલ્લા પોલીસ વડા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# સરકાર દ્વારા સિંચાઈ માટે પાણી બંધ કરાતાં ખેડુતોમાં રોષની લાગણી ફેલાઈ

ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા તા. ૧૬ મી માર્ચથી નર્મદાની મુખ્ય કેનાલ તેમજ પેટા કેનાલમાંથી સિંચાઈ માટે પાણી બંધ કરવાનો નિર્ણય લેવાતા ચાણસ્મા અને બહુચરાજી પંથકમાં ખેતી માટેનો પાણી પુરવઠો બંધ કરાતાં ખેડુતોમાં ભારે નિરાશા સાથે રોષની લાગણી ફેલાઈ છે.

ચાણસ્મા અને બેચરાજી પંથકમાં શિયાળાની સિઝનમાં નર્મદા વિભાગ દ્વારા સિંચાઈ માટે પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવ્યો હતો. પરિણામે આ પંથકના ખેડુતોને આર્થિક દ્રષ્ટિએ ખુબ જ લાભ થયો હતો. પરંતુ ચાલુ વર્ષે સરદાર સરોવરમાં પાણીનો જથ્થો ઓછો હોવાના કારણે સિંચાઈ માટે પાણી આપવા રાજ્ય સરકારે નનૈયો ભણી દીધો છે અને તેના ભાગરૂપે તા. ૧૬ મી માર્ચથી બંને તાલુકાના ગામડાઓમાં ખેતી માટે પાણી બંધ કરી દેવામાં આવ્યું છે.

આ બંને તાલુકામાં મોટાભાગના વિસ્તારોમાં ચોમાસુ વરસાદ આધારિત ખેતી થાય છે અને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાતાળ કૂવાઓની પૂરતી સગવડ નથી. પરિણામે ત્રણે સિઝનમાં ખેતીપાક મેળવવા નર્મદાના પાણી પર આધાર રાખવો પડે છે. અગાઉ ઉનાળાની સિઝનમાં પણ કેનાલમાંથી પાણી આપવામાં આવતું હતું. ચાલુ સાલે પાણીની અછતનું કારણ આગળ ધરી સિંચાઈ માટે પાણી બંધ કરવામાં આવતાં આ વિસ્તારમાં રવીપાક ઘઉં, એરંડા, રજકો, મેથી તથા ઘાસચારાના પાકના ઉત્પાદન માટે વિકટ સમસ્યા સર્જાઈ છે. આ બંને વિસ્તારો ખેતી તેમજ પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા હોઈ પાણી બંધ થવાથી તેની માઠી અસર પાકના ઉત્પાદન સામે થઈ શકે તેમ છે. ગત ચોમાસામાં વધુ વરસાદ થયો હોવા છતાં રાજ્ય સરકારે મેળાવડા પાછળ નર્મદાનું પાણી વેડફી દેતાં આ પંથકનો ખેડુત સરકારની નિષ્ક્રિયતા સામે રોષ ઠાલવી પાણીની તંગી માટે સરકારને દોષિત ઠેરવી રહ્યો છે.

# કરખડી કન્યા શાળા ખાતે સીઆરસી કલસ્ટર કક્ષાની તાલીમ યોજાઈ

વારાહી

ગતરોજ કરખડી શાળા મુકામે એક દિવસીય સેવાકાલીન શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કરખડી કલસ્ટરના કુલ-૬૨ શિક્ષકોએ તાલીમ મેળવી હતી.



તાલીમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સીઆરસી કો. વિજયભાઈએ તાલીમના મુદાઓની છણાવટ કરી હતી. ત્યારબાદ બાયસેગ પર પ્રસારીત રાજ્યના એસ.પી.ડી. સંદિપકુમારે સ્કૂલ સેફટી, સ્વચ્છતા, ગુણોત્સવ સંદર્ભે માર્ગદર્શન પૂરૂ પાડેલ. ત્યારબાદ ગણિત, વિજ્ઞાન સરળતાથી કઈ રીતે શીખવી શકાય તેની પધ્ધતિઓ, પ્રયુક્તિઓની માહિતી આપેલ. આગામી તાલીમ સંદર્ભે માહિતી આપેલ. એનએએસ આધારિત પરિણામ તથા અધ્યયન નિસ્પતિઓ એસસીઈ પત્રકો વિગેરે વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડેલ. તાલીમના મોનીટરીંગ અર્થે બી.આર.પી. વિનુભાઈ મકવાણા હાજર રહેલ હતા. સમગ્ર તાલીમ બી.આર.સી કો.ધિરેન્દ્રસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ.એકદંરે તાલીમમાં શિક્ષકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો. તાલીમમાં ચા-તથા અલ્પાહારની પણ વ્યવસ્થા કરેલ. અંતે બપોરે ૧:૦૦ કલાકે તાલીમની પૂર્ણાહુતી કરેલ.

# સમી ખાતે ભૂકંપ અંગે મોંકડ્રીલ કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે વ્યાપક જનજાગૃતિ વધારવા માટે અને તેના વ્યવસ્થાપનમાં તંત્રની કામગીરીને વધારે અર્થપુર્ણ, સંગીન બનાવવા માટે જિલ્લામાં વિવિધ સ્થળોએ ભૂકંપ પરના મોંકડ્રીલનું આયોજન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરાયું હતું. જેના ભાગરૂપે તાલુકા મથક સમી ખાતે યોજાયેલા મોંકડ્રીલમાં એસ.ડી.એમ. સમી શ્રી આઈ.વી.દેસાઈ, ટી.ડી.ઓ. આર.જે.ઠાકોર, મામલતદાર કે.જી.ગઢવી, માર્ગ મકાન સ્ટેટ ના ખરસડીદીયા, માર્ગ અને મકાન-પંચાયતના શ્રી દરજી સહિત કર્મચારીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.



# ગુજરાત રાહિત્ય અકાદમી અને શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આટર્સ કોલેજના ઉપક્રમે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

પાટણ

ગુજરાત રાહિત્ય અકાદમી-ગાંધીનગર તથા પાટણની શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજના સંયુકત ઉપક્રમે આજે ગઝલઃ રૂપ અને રંગ ના થીમ પર યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદને સંબોધતાં આણંદ આટર્સ કોલેજના ડૉ.ગુણવંત ભાઈ વ્યાસે જણાવ્યુ કે આજની યુવાપેઢી પર ગઝલનો ખાસ્સો એવો પ્રભાવ છે. સાંપ્રત સમયમાં ગુજરાતી ગઝલનો બૃહદ વિકાસ અને વિસ્તાર થયો છે. પ્રારંભમાં ગઝલ પર અરબી-કારસી અને ઉર્દુ ભાષાની વ્યાપક અસર હતી. હવે ગુજરાત ગઝલ તેની અનુભૂતિ અને અભિવ્યક્તિમાં પુખ્ત બની છે. ગઝલ સાચા અર્થમાં માનવ હદય ની ભાવનાનું પ્રતિબિંબ અને ખળ ખળ વહેતા ઝરણા સમાન છે. તેના વિષય વસ્તુંમાં કંઇ વિશેષ છે. તેની અભિવ્યક્તિ સચોટ અને અસરકાર હોય છે. પરિસંવાદને સંબોધતાં પાટણના પ્રસિધ્ધ ગઝલકાર અને વિવેચક અશોકભાઇ વ્યાસે જણાવ્યું હતુ કે, ગઝલની પહેલી પંક્તિથી ઉપરથી આવે છે. હદયના ઉંડાણમાંથી તેનું ઝરણું ફૂટે છે. શ્રી બાયે મરીઝ અને જલનમાતરી જેવા ગઝલકારો ઝીક્ર કરી યુવાનોને રસપ્રદ ગઝલોથી મંત્રમૃઘ્ધ કર્યા હતા. સહાયક માહિતી નિયામક ભરતભાઈ રાવલે જણાવ્યુ હતું કે, જે યુવા કવિતા નથી કરતો તેની જિંદગીમાં કઇંક ખુટે છે. કવિતા હદયમાંથી નિકળે છે ને હદયમાં પહોંચે છે. પ્રારંભમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.લલિતભાઇ પટેલ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમણે સાહિત્ય અકાદમીના સહીયોગને આવકારતા જણાવ્યું કે, આજની યુવા પેઢી ગઝલની સમૃધ્ધીથી વાકેફ બને અને તેમના સુધી સાહિત્યનું જ્ઞાન ટ્રાન્સમીટ થાય તેવા સુભાશયથી પરિસંવાદનું આયોજન સાર્થક બન્યુ છે. પરિસંવાદને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભાષા અને સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ.નીતિન વડગામાએ દ્રિતિય શેસનમાં સંબોધ્યો હતો. અને ગઝલનું સ્વરૂપ તેમજ લક્ષણ એ થીમ પર ઉદ્દબોધન કર્યું હતું.



કુલ ત્રણ શેશનમાં યોજાયેલ પરિસંવાદમાં પાટણના સાહિત્ય કારો, પ્રાધ્યાપકોઅને સાહિત્યર સિક યુવાવૃંદે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માણ્યો હતો.